RNI:- GUJGUJ/2016/67425

પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 01-11-2026 I VOL : 12 I Issue : 227 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

જે મળ્યું છે તેમાં ખુશ રહેવું એ જ સાચી સમૃદ્ધિ છે.

3

વનકર્મીઓના ધરણાંથી પ્રકૃતિ અને વન્યપ્રાણીઓ અનાથ, છતાં તંત્રના પેટનું...

4

નફો કરતી સરકારી બેન્ક વેચવા પાછળનું મોટું રહસ્ય શું?: પ્રજાના...

6

સુકેશ ચંદ્રશેખર કેસમાં નોરા ફતેહીની મુશ્કેલી વધી! દિલ્હી કોર્ટમાં...

7



ફાસ્ટ બોલર આકીબ નબી પ્રસિદ્ધ ક્રિષ્ના સ્થાને ટીમમાં સિલેક્ટ

એક નજર...

સોનાલી રાઉતે શોર્ટ ડ્રેસમાં કેમેરા સામે બતાવી કાતિલ અદા



અભિનેત્રી સોનાલી રાઉતની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર આગ લગાવતી રહે છે. ફેન્સને અભિનેત્રીનો દરેક લુક પસંદ આવે છે. સોનાલી રાઉતે માત્ર 19 વર્ષની ઉંમરે કિંગફિશર કેલેન્ડર મોડેલ તરીકે ગ્લેમર વર્લ્ડમાં પ્રવેશ કર્યો હતો અને મોડેલિંગ ક્ષેત્રે મોટી સફળતા મેળવી હતી. તેણે વર્ષ 2014માં રિલીઝ થયેલી હિમેશ રેશમિયાની રોમાંચક ફિલ્મ 'દિલ એક્સપોઝ' થી બોલિવૂડમાં મુખ્ય અભિનેત્રી તરીકે ડેબ્યૂ કર્યું હતું.

NEWS TRACK

યમનમાં હૂતી બળવાખોરોનો ભયાનક મિસાઇલ મારો:રાષ્ટ્રપતિ ભવન-એરપોર્ટ પર હુમલો

યમનના હૂતી બળવાખોરોએ શુક્રવારે યમનના એડનમાં આવેલા રાષ્ટ્રપતિ ભવન પર બે બેલિસ્ટિક મિસાઈલો દાગી. અહીં 15 દિવસ પહેલાં થયેલા હુમલામાં 4 લોકોનાં મોત થયાં હતાં. હૂતીઓએ સાઉદી અરેબિયાના મદીના વિસ્તાર તરફ પણ ડ્રોન મોકલ્યું, જેને સાઉદી નેતૃત્વ હેઠળના સૈન્ય ગઠબંધને હવામાં જ તોડી પાડ્યું. યમન સરકારના એક સૈન્ય પ્રવક્તાના જણાવ્યા અનુસાર, હૂતી બળવાખોરોએ એડન એરપોર્ટ પર પણ બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો. જોકે, મિસાઈલો પોતાના નિશાન પર લાગી કે નહીં, તે સ્પષ્ટ નથી. અધિકારીઓએ હુમલામાં કોઈના માર્યા જવા કે ઘાયલ થવાની માહિતી આપી નથી. સમાચાર એજન્સી AFP અનુસાર, રાષ્ટ્રપતિ ભવન તરફ એમ્બ્યુલન્સ જતી જોવા મળી હતી. એડન યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારનું મુખ્ય ઠેકાણું છે. હૂતી બળવાખોરોએ 2014માં રાજધાની સના પર કબજો કરી લીધો હતો, ત્યારબાદ સરકારે ત્યાંથી હટવું પડ્યું હતું. જુલાઈથી એડનમાં હુમલા ફરી તેજ થયા છે.

G20 દેશોના વિદેશ મંત્રીઓનું ફોટો સેશન રદ: EU દેશોએ રશિયાના વિદેશ મંત્રી સાથે ફોટોનો ઇનકાર કર્યો

અમેરિકામાં યોજાઈ રહેલી G20 દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ગ્રુપ ફોટો સેશન રદ કરવામાં આવ્યું હતું. યુરોપિયન દેશોએ રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથે ફોટો પડાવવાનો વિરોધ કર્યો હતો. કેટલાક દેશોએ ફોટો સેશનમાંથી બહાર નીકળી જવાની ચેતવણી પણ આપી હતી. ન્યૂઝ એજન્સી AP મુજબ, આ વિરોધ યુક્રેન સાથેના યુદ્ધને લઈને થયો હતો. જોકે, બેઠક અગાઉથી નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ ચાલુ રહેશે. ફોટો સેશન રદ થવાથી G20 દેશો વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધ, ઈરાન યુદ્ધ, અમેરિકન ટેરિફ અને ચીનની પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓ પર સહમતી બનવાની સંભાવનાને લઈને સવાલો ઊભા થયા છે. આ બેઠક અમેરિકાના એટલાન્ટા શહેરમાં વિદેશ મંત્રી માર્કો રુબિયોની યજમાની હેઠળ યોજાઈ રહી છે. બે દિવસીય બેઠક શુક્રવારથી શરૂ થઈ હતી. તેમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર પણ સામેલ થયા છે. બેઠકમાં સામેલ લગભગ એક તૃતીયાંશ દેશોએ રશિયાના કોઈ પ્રતિનિધિ સાથે તસવીર પડાવવાનો ઇનકાર કર્યો.

વિપક્ષની સંસદ 3:23 કલાક ચાલી, જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જન-મહાભિયોગ પાસ

2024ની લોકસભા ચૂંટણી ગેરકાયદેસર: રાહુલ

આ કાર્યક્રમમાં કોંગ્રેસ સહિત 19 પક્ષોના નેતાઓ સામેલ થયા હતા, જાહેર મહાભિયોગમાં જનતા અથવા રાજકીય પક્ષો કોઈ બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ વિરુદ્ધ વિરોધ વ્યક્ત કરે છે

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ કહ્યું કે SIR દ્વારા 13.3 કરોડ એટલે કે 15 ટકા મતદાતાઓનાં નામ હટાવી દેવામાં આવ્યાં છે. તેમાંના અનેક લોકોએ 2024ની લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું હતું. તે ચૂંટણીમાં જીતનું અંતર માત્ર 3 ટકા મતનું હતું. રાહુલ શનિવારે દિલ્હીમાં મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ચાલી રહેલી મોક પાર્લામેન્ટને સંબોધિત કરી રહ્યા હતા. પૂર્વ સ્પીકર મીરા કુમાર સ્પીકર બન્યાં હતાં. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જનમહાભિયોગ લાવ્યા. આ કાર્યક્રમમાં કોંગ્રેસ સહિત 19 પક્ષોના નેતાઓ સામેલ થયા હતા. જાહેર મહાભિયોગમાં

જનતા અથવા રાજકીય પક્ષો કોઈ બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ વિરુદ્ધ વિરોધ વ્યક્ત કરે છે. રાહુલે કહ્યું- અમે એક ચેતવણી આપી રહ્યા છીએ, વસ્તુઓ બદલાઈ રહી છે. અહીં એક નવું રાજકીય હથિયાર તૈયાર થઈ રહ્યું છે. અમે કોઈ દુશ્મન નથી, પરંતુ અમે દેશ અને બંધારણનો અવાજ ઉઠાવીશું, તેની રક્ષા કરીશું. દેશની જનતા અમારી તાકાત છે. આ સરકારની એક પરીક્ષા છે. રાહુલ ગાંધીએ કહ્યું- જો જ્ઞાનેશ એવું વિચારી રહ્યા હોય કે મોદી-શાહ તેમને બચાવી લેશે, તો જુઓ દેશમાં શું થઈ રહ્યું છે. લોકોનો મૂડ કેવો છે. તમે મત ચોરી કરાવવામાં લાગેલા રહો. હું ગેરંટી આપું છું કે જે લોકો રસ્તાઓ પર છે, તેઓ ક્યારેય નહીં ભૂલે કે તમે તેમની સાથે શું કર્યું. તમે દેશની આત્મા પર હુમલો કર્યો છે. અને આ માટે અમે તમને છોડવાના નથી. રાજ્યસભા અને લોકસભામાં તમે અમને બોલવા દેતા નથી, પરંતુ આજે અમે અહીં છીએ તો જનતાના સમર્થનના કારણે ઊભા છીએ.

રાહુલ ગાંધીના સંબોધનની 5 વાતો

1. અમારા માટે બાકીની સંસ્થાઓ બંધ: આ કેટલી વિચિત્ર વાત છે કે CEC (મુખ્ય ચૂંટણી કમિશનર) સામે મહાભિયોગ પર ચર્ચા કરવા માટે સમગ્ર વિપક્ષે બગીચામાં બેસવું પડી રહ્યું છે, કારણ કે અમારા માટે બાકીની તમામ સંસ્થાઓ બંધ છે. 2. CECએ પદ છોડવું જ પડશે: જ્ઞાનેશ કુમાર CECના પદ પર ટકી શકશે નહીં; જો અમારા ખુલાસા પછી પણ BJP તેમને જાળવી રાખવા પર અડગ રહે છે, તો અમને સમજાઈ જશે કે તેમનો શું ખેલ છે. 3. જનતા આ ભૂલશે નહીં: ભાજપ ભલે ચૂંટણીમાં ગેરરીતિઓ કરતું રહે, પરંતુ ભારતની જનતા અને વિપક્ષના સભ્યો તેને ન તો ભૂલશે અને ન માફ કરશે. 4. નવું રાજકીય હથિયાર: પરિસ્થિતિઓ બદલાઈ રહી છે, આ બગીચામાં એક નવું રાજકીય હથિયાર આવી ગયું છે અને તે તમને ખરાબ રીતે નુકસાન પહોંચાડશે. 5. જ્ઞાનેશ વિરુદ્ધ દેશદ્રોહનો કેસ થવો જોઈએ: જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવનું સંપૂર્ણ સમર્થન કરું છું; તેમના વિરુદ્ધ દેશદ્રોહનો કેસ ચલાવવો જોઈએ અને તેમને ન્યાયના દાયરામાં લાવવા જોઈએ.

'આત્મહત્યા કરનાર ખેડૂત'ના અંતિમ સંસ્કારમાં જવાનું બંધ કરો: ભાજપ MLA

એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ધારાસભ્ય ગાયકવાડે જણાવ્યું હતું કે, 'જે ખેડૂતો આત્મહત્યા કરે છે, તેમની અંતિમયાત્રામાં કે અંત્યેષ્ટિમાં કોઈએ જવું જોઈએ નહીં'

નવી દિલ્હી

મહારાષ્ટ્રમાં શિવસેનાના ધારાસભ્ય સંજય ગાયકવાડ ખેડૂતોની આત્મહત્યા અંગેના વિવાદાસ્પદ નિવેદનથી ઘેરાયા છે. બુલઢાણામાં પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે, આત્મહત્યા કરનાર ખેડૂતોની અંતિમયાત્રામાં કોઈએ ન જવું જોઈએ. આ નિવેદનથી રાજ્યભરમાં આક્રોશ ફેલાયો છે અને મુખ્યમંત્રી એકનાથ શિંદે પણ નારાજ થયા છે. પાર્ટી ગાયકવાડને સસ્પેન્ડ કરવાનું વિચારી રહી છે. જોકે, વિવાદ વધતાં ગાયકવાડે માફી માંગી સ્પષ્ટતા કરી હતી. મહારાષ્ટ્રમાં શિવસેના (એકનાથ શિંદે જૂથ)ના બુલઢાણાના MLA સંજય ગાયકવાડ પોતાના એક વિવાદિત નિવેદનને કારણે ફરી એકવાર વિવાદોમાં ઘેરાયા છે. ખેડૂતોની

આત્મહત્યા અંગે તેમણે આપેલા નિવેદન બાદ સમગ્ર મહારાષ્ટ્રમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ ઘટનાને પગલે પક્ષનું પ્રદેશ નેતૃત્વ અત્યંત નારાજ થયું છે અને તેમના પદ પરથી ચોક્કસ સમય માટે દૂર કરવા પર પણ વિચારણા કરી રહ્યું છે. યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ધારાસભ્ય ગાયકવાડે જણાવ્યું હતું કે, 'જે ખેડૂતો આત્મહત્યા કરે છે, તેમની અંતિમયાત્રામાં કે અંત્યેષ્ટિમાં કોઈએ જવું જોઈએ નહીં.

મધ્ય પ્રદેશમાં 'મુખ્યમંત્રી કન્યાદાન યોજના'માં ₹30.18 કરોડનો કૌભાંડ

ભોપાલ

મધ્ય પ્રદેશમાં 'મુખ્યમંત્રી કન્યાદાન યોજના'માં 30.18 કરોડના કૌભાંડમાં EDએ મોટી કાર્યવાહી કરી છે. વિદેશા જિલ્લામાં 5,923 બોગસ લગ્ન દર્શાવી થયેલા ફ્રોડ મામલે, સિરોંજ જનપદ પંચાયતના તત્કાલીન CEO શોભિત ત્રિપાઠી અને સહયોગી હેમંત સાહૂની 5.37 કરોડની સંપત્તિ જપ્ત કરાઈ છે. કોરોના લોકડાઉન દરમિયાન પણ બોગસ ખાતાઓમાં કરોડો જમા કરી ઉપાડી લેવાયા હતા. EOWની FIR બાદ EDએ તપાસ કરી શોભિતની ધરપકડ કરી હતી. મધ્ય પ્રદેશમાં ગરીબ અને બાંધકામ ક્ષેત્રના શ્રમિકોની દીકરીઓના લગ્ન માટે ચલાવવામાં આવતી 'મુખ્યમંત્રી કન્યાદાન યોજના'માં થયેલા કરોડો રૂપિયાના કૌભાંડમાં ED દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

મધ્ય પ્રદેશના વિદેશા જિલ્લામાં થયેલા આશરે 30.18 કરોડના કૌભાંડ મામલે EDએ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સિરોંજ જનપદ પંચાયતના તત્કાલીન CEO શોભિત ત્રિપાઠી અને તેમના સહયોગી હેમંત સાહૂની 5.37 કરોડની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે. આશ્ચર્યની વાત એ છે કે કોરોના લોકડાઉન દરમિયાન જ્યારે જાહેર લગ્નપ્રસંગો પર સંપૂર્ણ પ્રતિબંધ હતો, ત્યારે પણ આ બોગસ ખાતાઓમાં યોજનાના કરોડો રૂપિયા જમા કરાવીને રોકડ રકમ ઉપાડી લેવામાં આવી હતી.

પહેલા અયોધ્યા, પછી મથુરા અને હવે નાગપુર... લાગે છે ભાજપથી ભગવાન પણ નારાજ છે : કપિલ સિબ્બલ

નાગપુર

મહારાષ્ટ્રના નાગપુર સ્નાતક વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસની જીત બાદ રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના ઉમેદવાર અભિજીત ગોવિંદરાવ



વંજારીએ ભાજપના ઉમેદવાર સુધાકર કોહલેને 3,271 મતોથી હરાવ્યા છે. આ બેઠક પરંપરાગત રીતે ભાજપનો ગઢ માનવામાં આવે છે. ભાજપની હારને લઈને કટાક્ષ કરતાં કપિલ સિબ્બલે કહ્યું કે હવે ભગવાન પણ ભાજપથી નારાજ છે. નાગપુર સ્નાતક વિધાન પરિષદની ચૂંટણીની મતગણતરી 40 કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. લાંબી મતગણતરી બાદ કોંગ્રેસના અભિજીત વંજારીએ જીત નોંધાવી હતી.

આ પરિણામને લઈને કપિલ સિબ્બલે ભાજપ પર પ્રહાર કર્યા હતા. કપિલ સિબ્બલે કહ્યું કે ભાજપ કોંગ્રેસની વધુ ચિંતા કરી રહી છે, જ્યારે તેણે પોતાની સ્થિતિ અંગે વિચારવાની જરૂર છે. તેમણે કહ્યું, 'ભાજપે યાદ રાખવું જોઈએ કે તે પહેલાં અયોધ્યામાં હાર્યું, ત્યારબાદ મથુરામાં અને હવે વારાણસીમાં પણ હાર્યું છે. ગોરખપુરને પણ તેની હાર જ માનવી જોઈએ. હવે નાગપુરમાં પણ ભાજપ હાર્યું છે.

અમદાવાદનું વાંચ ગામ બન્યું ગેરકાયદેસર ધંધાઓનું કેન્દ્ર? ફટાકડાંના કારખાનાં, દારૂની ભઠ્ઠીઓ અને કથિત હપ્તાશાહી સામે ગંભીર સવાલો!

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતું વાંચ ગામ આજકાલ અનેક ગંભીર આક્ષેપોને લઈને ચર્ચામાં આવ્યું છે. એક તરફ ગેરકાયદેસર ફટાકડાં બનાવવાનાં કારખાનાં અને ગોડાઉનો ધમધમતાં હોવાની ફરિયાદો સામે આવી રહી છે, તો બીજી તરફ દેશી-વિદેશી દારૂના કથિત ગેરકાયદેસર વેપાર અને હપ્તાશાહીના આક્ષેપોએ પોલીસ તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કર્યા છે.

વાંચ ગામને ગુજરાતના 'શિવકાશી' તરીકે ઓળખવામાં આવતું હોવાની ચર્ચા વચ્ચે અહીં ફટાકડાંના ઉત્પાદન અને સંગ્રહને લગતી પ્રવૃત્તિઓ કેટલી કાયદેસર છે, જરૂરી સરકારી મંજૂરીઓ લેવામાં આવી છે કે નહીં અને ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થાય છે કે નહીં, તેની તપાસ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. સ્થાનિક સ્તરે કરવામાં આવતા આક્ષેપો મુજબ, વિસ્તારમાં અનેક સ્થળોએ જરૂરી સુરક્ષા વ્યવસ્થા વિના ફટાકડાં બનાવવાની અને સંગ્રહ કરવાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે કેટલાક સ્થળોએ સગીર બાળકો પાસે જોખમી વાતાવરણમાં કામ કરાવવામાં આવતું હોવાના પણ આક્ષેપો છે. જો આ ફરિયાદોમાં તથ્ય હોય તો તે માત્ર કાયદાનો ભંગ જ નહીં, પરંતુ બાળ સુરક્ષા અને જાહેર સલામતી સાથે જોડાયેલો અત્યંત ગંભીર મામલો છે.

ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થાય છે કે માત્ર કાગળ પર જ વ્યવસ્થા?

વિવેકાનંદનગર વિસ્તારના વિવિધ વિસ્તારોમાં મોટી સંખ્યામાં દુકાનો, ગોડાઉનો અને કારખાનાં કાર્યરત હોવાની ચર્ચા છે. સ્થાનિક સ્તરે એક હજારથી વધુ ગેરકાયદેસર દુકાનો અને કારખાનાં હોવાના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે આ આંકડાની સત્તાવાર પુષ્ટિ થવી જરૂરી છે.

સૌથી મોટો સવાલ એ છે કે ફટાકડાં જેવા અત્યંત જ્વલનશીલ પદાર્થોનો સંગ્રહ અને ઉત્પાદન જો રહેણાક વિસ્તારની નજીક થઈ રહ્યો હોય તો ફાયર વિભાગે અત્યાર સુધી કેટલી તપાસ કરી? કેટલાં સ્થળોને મંજૂરી આપવામાં આવી છે? કેટલાં સ્થળોએ ફાયર સેફ્ટીનું પાલન થતું નથી?

કોઈ મોટી આગ કે વિસ્ફોટ જેવી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા સઘન તપાસ કેમ કરવામાં આવતી નથી?

પીઆઈ પરમાર અને વહીવટદાર કલ્પેશ ભરવાડ સામે હપ્તા ઉઘરાવવાના ગંભીર આક્ષેપ

આ સમગ્ર મામલામાં વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના પીઆઈ પરમાર અને તેમના વહીવટદાર તરીકે ઓળખાતા કલ્પેશ ભરવાડ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં ચાલતા કેટલાક ગેરકાયદેસર ધંધાઓ પાસેથી હપ્તા વસૂલવામાં આવતા હોવાની ચર્ચા છે. એક સ્ટોલ અથવા દુકાન દીઠ રૂ. 50 હજાર સુધીની રકમ ઉઘરાવવામાં આવતી હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો તે પોલીસ તંત્રની વિશ્વસનીયતા સામે મોટો પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ અગાઉ ફરિયાદો કરવામાં આવી હોવાની પણ ચર્ચા છે. તેમ છતાં જવાબદાર અધિકારીઓ સામે કોઈ નક્કર કાર્યવાહી થઈ છે કે નહીં તે અંગે સ્પષ્ટતા જરૂરી છે. અહીં સવાલ એ પણ છે કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓની જાણકારી હોવા છતાં જો કોઈ અધિકારી કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહે તો તેની જવાબદારી કોની ગણાશે? દારૂની ભઠ્ઠીઓ અને બુટલેગરોના કથિત નેટવર્કથી વિસ્તાર પરેશાન

વિવેકાનંદનગર વિસ્તારમાં દેશી અને વિદેશી દારૂના ગેરકાયદેસર વેપાર અંગે પણ સ્થાનિક રહીશો દ્વારા ગંભીર ફરિયાદો કરવામાં આવી રહી છે.

પાક્કો ગુજરાત ન્યૂઝના અહેવાલ બાદ કલ્પેશ ભરવાડની એસપી કચેરી ખાતે બદલી

આ સમગ્ર પ્રકરણમાં પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા અગાઉ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ અમદાવાદ જિલ્લા પોલીસ વડા દ્વારા કલ્પેશ ભરવાડની એસપી કચેરી ખાતે બદલી કરવામાં આવી હોવાની માહિતી સામે આવી હતી. પરંતુ અહીં સૌથી મોટો સવાલ એ છે કે શું માત્ર બદલીથી સમગ્ર સમસ્યાનો અંત આવી જશે? જો વિસ્તારમાં દારૂ, જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે ફરિયાદો હજુ પણ યથાવત્ હોય તો તેની સામે કડક કાર્યવાહી ક્યારે થશે? માત્ર એક કર્મચારીની બદલી કરવાથી જવાબદારી પૂર્ણ થઈ જાય છે કે પછી સમગ્ર વ્યવસ્થાની નિષ્પક્ષ તપાસ જરૂરી છે? પોલીસ વિભાગે આ તમામ આક્ષેપોની તપાસ કરીને હકીકત જનતા સમક્ષ મૂકવી જોઈએ.

જનતાના સળગતા સવાલો: જવાબ આપશે કોણ?

- વાંચ ગામમાં ફટાકડાં બનાવતાં કારખાનાં અને ગોડાઉનો પાસે જરૂરી લાઈસન્સ છે કે નહીં?
- ફાયર સેફ્ટી અને સુરક્ષાના નિયમોનું પાલન થાય છે કે નહીં?
- સગીર બાળકો પાસે જોખમી કામ કરાવવામાં આવતું હોવાના આક્ષેપોની તપાસ કોણ કરશે?
- એક સ્ટોલ દીઠ રૂ. 50 હજારના કથિત હપ્તાની ફરિયાદની તપાસ ક્યારે થશે?
- દારૂ અને જુગારના ગેરકાયદેસર નેટવર્ક સામે પોલીસની કાર્યવાહી ક્યાં સુધી પહોંચી?
- પીઆઈ પરમાર સહિત જવાબદાર અધિકારીઓની ભૂમિકાની નિષ્પક્ષ તપાસ થશે?
- કલ્પેશ ભરવાડની બદલી બાદ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ કેમ જરૂરી બન્યો છે?

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

સાગરચંદ્ર સાગર સામે ગંભીર આક્ષેપોથી જૈન સમાજમાં ભારે આક્રોશ!

ધર્મની આડમાં કથિત કુકર્મોનું સામ્રાજ્ય?

પાલિતાણાની પવિત્ર ભૂમિ પર ઉઠ્યા સવાલો, સાધુવેશધારી કથિત આચાર્યની કામગીરી વિવાદોના ઘેરામાં | અશ્લીલ તસવીરો, સાધ્વીઓ અને મહિલાઓના કથિત શોષણ તથા કરોડોની બેનામી સંપત્તિને લઈને ગંભીર આક્ષેપો | ઉજ્જૈનથી પાલિતાણા સુધી વિરોધની તૈયારી, પ્રેસ કોન્ફરન્સમાં પુરાવા જાહેર કરવાનો દાવો

અમદાવાદ/ઉજ્જૈન

જૈન ધર્મની બૂનિયાદ ત્યાગ, તપસ્યા, અહિંસા, બ્રહ્મચર્ય અને આત્મસંયમ પર ટકેલી છે. જે ધર્મમાં સાધુ-સંતોને ત્યાગ અને પવિત્રતાનું પ્રતીક માનવામાં આવે છે, એ જ ધર્મના એક કથિત આચાર્ય સામે ગંભીર અનૈતિક આચરણ, મહિલાઓના કથિત શોષણ અને દાનની રકમના દુરુપયોગ જેવા આક્ષેપો સામે આવતાં સમગ્ર જૈન સમાજમાં ચર્ચા અને આક્રોશનો માહોલ ઊભો થયો છે. શ્રી પાલિતાણા ગિરિરાજની પવિત્ર ભૂમિ અને જૈન સમાજની ધાર્મિક લાગણીઓ વચ્ચે કથિત આચાર્ય સાગરચંદ્ર સાગરને લઈને વિવાદ વધુ ઘેરો બનતો જાય છે. તેમની સામે કથિત અશ્લીલ પ્રવૃત્તિઓ, સાધ્વીઓ અને મહિલાઓ સાથે અનુચિત વર્તન, શ્રદ્ધાળુઓ પાસેથી મળતા દાનના દુરુપયોગ તથા કરોડો રૂપિયાની કથિત બેનામી સંપત્તિ અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. આ આક્ષેપોની સત્યતા બહાર લાવવા માટે નિષ્પક્ષ તપાસની માંગ ઊઠી રહી છે. હવે સવાલ એ છે કે ધર્મ અને સાધુતાની પ્રતિષ્ઠાના નામે જો કોઈ વ્યક્તિ ખોટી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો સાબિત થાય, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી ક્યારે થશે? ધર્મની ચાદર પાછળ છુપાયેલા આક્ષેપો! કથિત આચાર્ય સામે જવાબદારી નક્કી થશે? જૈન ધર્મમાં સાધુનું સ્થાન માત્ર ધાર્મિક પદ પૂરતું મર્યાદિત નથી. સાધુનું જીવન સમાજ માટે ત્યાગ, સંયમ, બ્રહ્મચર્ય અને ચારિત્ર્યનું ઉદાહરણ માનવામાં આવે છે. આવી સ્થિતિમાં સાગરચંદ્ર સાગરને લઈને સામે આવી રહેલા ગંભીર આક્ષેપોએ અનેક શ્રદ્ધાળુઓને વિચારતા કરી દીધા છે. સોશિયલ મીડિયા પર કથિત વાંધાજનક તસવીરો અને અન્ય સામગ્રીને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. બીજી તરફ કેટલીક વ્યક્તિઓ દ્વારા સાધ્વીઓ અને મહિલાઓ સાથે કથિત અનુચિત વર્તન તથા શોષણના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. પાક્કો ગુજરાત ન્યૂઝનો સીધો સવાલ છે કે આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરાવવામાં વિલંબ શા માટે? સંબંધિત કથિત આચાર્ય અને તેમના પ્રતિનિધિઓએ પણ જાહેરમાં પોતાનો પક્ષ રજૂ કરવો જોઈએ. કોઈ વ્યક્તિનું મૌન તેના ગુનાની કબૂલાત નથી, પરંતુ ગંભીર આક્ષેપો સામે પારદર્શક સ્પષ્ટતા અને તપાસ જરૂરી છે. જૈન સમાજને પણ આ મામલે સત્ય જાણવાનો અધિકાર છે. શ્રદ્ધાળુઓના દાનના નાણાં ક્યાં વપરાય છે? કરોડોની કથિત સંપત્તિ અંગે તપાસની માંગ! જૈન સમાજમાં દાન માત્ર આર્થિક સહયોગ નથી, પરંતુ શ્રદ્ધા, સેવા અને પુણ્યની ભાવના સાથે જોડાયેલું છે. દેશભરના શ્રદ્ધાળુઓ જીવદયા, માનવસેવા, શિક્ષણ, આરોગ્ય, ગૌશાળા, સાધુ-સાધ્વી સેવા અને ધાર્મિક પ્રવૃત્તિઓ માટે પોતાની મહેનતની કમાણીમાંથી દાન આપે છે. પરંતુ સાગરચંદ્ર સાગર સાથે જોડાયેલી કથિત આર્થિક પ્રવૃત્તિઓ અને સંપત્તિઓ અંગે ઊભા થયેલા સવાલોએ દાનની

પારદર્શિતા અંગે ચર્ચા જગાવી છે. જો શ્રદ્ધાળુઓ પાસેથી મળેલા દાનનો ઉપયોગ વ્યક્તિગત સુખ-સુવિધા અથવા ખાનગી સંપત્તિ ઊભી કરવા માટે થયો હોય, તો તે અત્યંત ગંભીર નાણાકીય અનિયમિતતાનો વિષય બની શકે છે. આખરે શ્રદ્ધાની ભાવનાથી મળેલા દાનનો હિસાબ આપવામાં મુશ્કેલી શા માટે હોવી જોઈએ? સાધ્વીઓ અને મહિલાઓના કથિત શોષણનો મામલો: ન્યાય માટે અવાજ કોણ ઉઠાવશે? આ સમગ્ર વિવાદનો સૌથી સંવેદનશીલ મુદ્દો સાધ્વીઓ અને મહિલાઓના કથિત શોષણ સાથે જોડાયેલા આક્ષેપો છે. જો કોઈ મહિલા અથવા સાધ્વી સાથે ખરેખર અનુચિત વર્તન, દબાણ, ધમકી કે શોષણ થયું હોય, તો તેને ન્યાય અપાવવો સમાજ અને કાયદા બંનેની જવાબદારી છે. ધાર્મિક પ્રતિષ્ઠા, સામાજિક દબાણ કે કોઈ પ્રભાવશાળી વ્યક્તિના ડરના કારણે કોઈની ફરિયાદ દબાઈ જવી જોઈએ નહીં. પાક્કો ગુજરાત ન્યૂઝ આવી કોઈપણ મહિલા અથવા સાધ્વીને અપીલ કરે છે કે તેમની પાસે આ મામલાને લગતી સાચી માહિતી કે પુરાવા હોય તો કાયદાકીય સહાય લઈને સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરે. પીડિતાની ઓળખ, નામ અને સરનામાની ગુપ્તતા જાળવવી અત્યંત જરૂરી છે. કોઈપણ પીડિતાને ન્યાય માટે એકલા સંઘર્ષ કરવાની ફરજ પડવી જોઈએ નહીં. ઉજ્જૈનથી પાલિતાણા સુધી વિરોધની તૈયારી! રાષ્ટ્રીય પ્રેસ કોન્ફરન્સમાં ખુલશે અનેક રહસ્યો? આ વિવાદને લઈને હવે ઉજ્જૈન અને પાલિતાણામાં વિરોધની તૈયારીઓ થતી હોવાની ચર્ચા છે. સંબંધિત પક્ષો દ્વારા આગામી દિવસોમાં રાષ્ટ્રીય સ્તરની પ્રેસ કોન્ફરન્સ યોજવાની અને કથિત આર્થિક તથા અન્ય ગેરરીતિઓને લગતા દસ્તાવેજો અને પુરાવા જાહેર કરવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ પ્રેસ કોન્ફરન્સમાં કયા દસ્તાવેજો રજૂ થશે? કયા નવા તથ્યો સામે આવશે? અને અત્યાર સુધીના આક્ષેપોની સત્યતા કેટલી છે? તેના પર સમગ્ર જૈન સમાજની નજર રહેશે. જો રજૂ કરવામાં આવનારા પુરાવાઓથી આક્ષેપોની પુષ્ટિ થાય, તો મામલો સંબંધિત પોલીસ અને તપાસ એજન્સીઓ સુધી પહોંચાડવો જોઈએ. પાક્કો ગુજરાત ન્યૂઝ આ સમગ્ર પ્રકરણમાં ભાવનાત્મક આક્ષેપો કરતાં દસ્તાવેજો, પુરાવાઓ, સત્તાવાર ફરિયાદો અને નિષ્પક્ષ તપાસના આધારે સત્ય બહાર લાવવાની માંગ કરે છે. જૈન ધર્મની પવિત્રતા કોઈ એક વ્યક્તિ, પદ કે જૂથ પર આધારિત નથી. ધર્મનું સન્માન તેના સિદ્ધાંતો, સાધના, ત્યાગ અને આચરણથી થાય છે. કોઈ વ્યક્તિનો પ્રભાવ, અનુયાયીઓની સંખ્યા કે ધાર્મિક મંચ પરનું સ્થાન તેને કાયદાથી ઉપર રાખી શકતું નથી. જો કોઈ ધાર્મિક પદ પર બેઠેલી વ્યક્તિ સામે ગંભીર આક્ષેપો થાય, તો તેની નિષ્પક્ષ તપાસ થવી જ જોઈએ. આક્ષેપો સાચા સાબિત થાય તો કાયદા મુજબ કડક કાર્યવાહી થવી જોઈએ અને આક્ષેપો ખોટા સાબિત થાય તો સંબંધિત વ્યક્તિને પણ ન્યાય મળવો જોઈએ.

પાક્કો ગુજરાત ન્યૂઝની માંગ છે કે:

- કથિત સંપત્તિઓની સ્વતંત્ર અને નિષ્પક્ષ નાણાકીય તપાસ કરવામાં આવે.
- દાનની આવક અને ખર્ચનો સંપૂર્ણ હિસાબ જાહેર કરવામાં આવે.
- સંબંધિત ટ્રસ્ટો અને સંસ્થાઓનાં બેંક ખાતાં તથા ઓડિટ રિપોર્ટની તપાસ થાય.
- નાણાકીય ગેરરીતિ સાબિત થાય તો કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે.
- શ્રદ્ધાળુઓને જણાવવામાં આવે કે તેમના દ્વારા આપવામાં આવેલા દાનનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવ્યો છે.

જૈન સમાજ સામે પાંચ મોટા સવાલ!

- શું સાગરચંદ્ર સાગર સામેના કથિત વાંધાજનક મામલાઓની નિષ્પક્ષ તપાસ થશે?
- શું સાધ્વીઓ અને મહિલાઓની ફરિયાદો અંગે સ્વતંત્ર તપાસ કરવામાં આવશે?
- શું ધાર્મિક દાન અને કથિત સંપત્તિઓનો સંપૂર્ણ નાણાકીય હિસાબ જાહેર થશે?
- શું સંબંધિત ધાર્મિક સંસ્થાઓ આ વિવાદ અંગે સત્તાવાર ખુલાસો કરશે?
- શું ઉજ્જૈનની પ્રસ્તાવિત પ્રેસ કોન્ફરન્સમાં એવા પુરાવા રજૂ થશે, જેનાથી સમગ્ર મામલાની હકીકત સ્પષ્ટ થશે?
- પાક્કો ગુજરાત ન્યૂઝની સ્પષ્ટ વાત: ધર્મ કોઈ વ્યક્તિની ખાનગી જાગીર નથી!

GTUના પ્રોફેસર ડૉ. મનીષ ઠક્કર સામે UGCમાં ફરિયાદ

અમદાવાદ

GTUના પ્રોફેસર ડૉ. મનીષ ઠક્કર સામે PhDના સંશોધન કાર્યમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ સાથે UGCમાં ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદીએ બંધ થઈ ગયેલા જર્નલમાં પ્રકાશિત રિસર્ચ પેપરને મંજૂરી આપવા અને પેપરની પ્રકાશન તારીખમાં ગેરરીતિ થઈ હોવાની શંકા વ્યક્ત કરી તપાસની માગ કરી છે. જોકે, પ્રોફેસરે દ્વારા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને બંને રિસર્ચ પેપર વર્ષ 2022ના જ હોવાના તેમજ જનરલ એડિટર પાસેથી પણ 2022માં કન્ફર્મેશન મળેલું હોવાના પુરાવા હોવાનો દાવો કર્યો કરવામાં આવ્યો છે.

ફરિયાદીએ રજૂઆતમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીનીના 'Biomedical Systems' વિષય પરના પેપરને 'Medicinal Chemistry' નામના જર્નલમાં પ્રકાશિત થયું હોવાનું દર્શાવાયું છે. આ જર્નલ UGCની યાદીમાંથી પહેલેથી જ રદ થયેલું હોવા છતાં આ પેપરને થિસિસમાં સામેલ કરાયું હતું. UGCના નિયમ મુજબ PhD થિસિસ જમા કરાવતા પહેલાં ઓછામાં ઓછું એક માન્ય રિસર્ચ પેપર પ્રકાશિત થવું અનિવાર્ય છે. ચોંકાવનારી બાબત એ છે કે આ પેપર વર્ષ 2022માં પ્રકાશિત થયેલું બતાવાયું છે, પરંતુ પ્રકાશકની સત્તાવાર વેબસાઈટ પર તે વર્ષ 2024માં ઉપલબ્ધ થયું હોવાની વિગતો સામે આવતાં પ્રકાશન તારીખમાં મોટો ફેરફાર કરાયો હોવાની શંકા ઘેરી બની છે. ફરિયાદમાં પ્રોફેસર પાસે પેપર ક્યારે જર્નલને મોકલવામાં આવ્યું અને ક્યારે મંજૂર થયું તે તમામ મૂળ ઈ-મેઈલ સહિતના દસ્તાવેજી પુરાવા રજૂ કરાવવાની માગ કરવામાં આવી છે. આ સાથે વિદ્યાર્થીનીના 'Stochastic Modeling' નામના અન્ય પેપરની પણ ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

સુરત સ્મીમેર હોસ્ટેલમાં હલચલ: MBBS વિદ્યાર્થિનીને આપઘાતના વિચારો આવતા દોડધામ, દવા પી લીધાનો ભ્રમ થતાં ઓબ્ઝર્વેશન હેઠળ રખાઈ

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત ખ્યાતનામ સ્મીમેર મેડિકલ કોલેજ અને હોસ્ટેલ કેમ્પસમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. અહીં હોસ્ટેલમાં રહીને પ્રથમ વર્ષ MBBSનો અભ્યાસ કરતી 18 વર્ષીય વિદ્યાર્થિનીને અચાનક આત્મહત્યાના તીવ્ર વિચારો આવતાં હોસ્ટેલ પરિસર તેમજ તબીબી વર્તુળોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. જોકે, હોસ્ટેલ સત્તાધીશો અને સિનિયર ડોક્ટરોની તાત્કાલિક દરમિયાનગીરીથી એક આશાસ્પદ તબીબી વિદ્યાર્થીની જિંદગી બચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, મૂળ અન્ય શહેરની આ વિદ્યાર્થિની છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવ અને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી પીડાઈ રહી હતી, જેની યોગ્ય સારવાર પણ ચાલતી હતી. હોસ્ટેલના રૂમમાં તે મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહી હતી, તે દરમિયાન અચાનક તેને આત્મહત્યા કરી લેવાના ગંભીર વિચારો આવવા લાગ્યા હતા. વિદ્યાર્થિનીની અસામાન્ય સ્થિતિ જોઈને આસપાસ રહેતી અન્ય વિદ્યાર્થિનીઓએ તુરંત હોસ્ટેલ પ્રશાસન અને સિનિયર તબીબોને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સિનિયર તબીબો તુરંત હોસ્ટેલ પહોંચ્યા હતા અને વિદ્યાર્થિનીને હોસ્પિટલના સઘન સારવાર વિભાગ ખાતે ખસેડી હતી. સ્મીમેરના સાયકિયાટ્રી વિભાગના વડા અને નિષ્ણાત તબીબોની પેનલ દ્વારા તેનું તાત્કાલિક સઘન કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

બુલેટ ટ્રેન માટે હાઈટેક પાવર ગ્રીડ સિસ્ટમ:ટ્રેનને દોડાવવા 14 સબસ્ટેશનથી મળશે પાવર, ગુજરાતમાં 9 અને મહારાષ્ટ્રમાં 5 TSS સ્થપાશે

સુરત

દેશના ડ્રીમ પ્રોજેક્ટ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનને પાટા પર પૂરપાટ દોડાવવા માટે પાવરફુલ વીજ નેટવર્કની તૈયારીઓ હવે આખરી ઓપ લઈ રહી છે. હાઈ-સ્પીડ ટ્રેનને અવિરત અને સુરક્ષિત વીજળી પૂરી પાડવા સમગ્ર 508 કિલોમીટર લાંબા કોરિડોર પર ખાસ 14 અદ્યતન ટ્રેક્શન સબસ્ટેશન (TSS) ઊભા કરવામાં આવી રહ્યા છે. આ હાઈટેક પાવર ગ્રીડ સિસ્ટમ થકી ટ્રેનની સ્પીડ અને મુસાફરોની સુરક્ષામાં ક્ષણભરનો પણ વિક્ષેપ નહીં પડે. પ્રોજેક્ટની સૌથી મોટી સિદ્ધિ એ છે કે ગુજરાતના બીલીમોરા ખાતે 18,000 ચોરસ મીટરમાં ફેલાયેલું પ્રથમ સબસ્ટેશન લગભગ તૈયાર થઈ ગયું છે, જે ટૂંક સમયમાં ભારતીય રેલવેના ઈતિહાસમાં હાઈ-સ્પીડ પાવર ટ્રાન્સમિશનનું એક નવું સીમાચિહ્ન બનવા જઈ રહ્યું છે. કુલ 508 કિલોમીટર લાંબા બુલેટ ટ્રેન કોરિડોર માટે વ્યૂહાત્મક સ્થળોની પસંદગી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં 9 સબસ્ટેશન વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાવાદ, અમદાવાદ અને સાબરમતી ડેપો ખાતે ઊભા કરાશે. જ્યારે મહારાષ્ટ્રમાં મુંબઈ, થાણે, વિરાર, બોઈસર અને થાણે ડેપો ખાતે 5 સબસ્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યાં છે. નવસારી જિલ્લાના બીલીમોરા ખાતે આશરે 18,000 ચોરસ મીટર વિસ્તારમાં આકાર લઈ રહેલું પ્રથમ ટ્રેક્શન સબસ્ટેશન હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે.

ગોંડલનાં ચરખડીમાં કમોસમી વરસાદથી તારાજી

રાજકોટ

ગોંડલ તાલુકાના ચરખડી ગામે અને આસપાસના વિસ્તારમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ ખાબક્યો હતો, જેના કારણે ખેડૂતોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. આ અણધારી કુદરતી આફતના કારણે સમગ્ર પંથકમાં તારાજી સર્જાઈ છે અને જગતનો તાત બેહાલ બન્યો છે. અગાઉ ઓછા વરસાદને કારણે ખેડૂતોની ઉપજ પહેલેથી જ ઘટી ચૂકી હતી, અને હવે તૈયાર થઈને ખેતરમાં સૂકવવા માટે મૂકેલા પાથરા પણ આ કમોસમી વરસાદમાં પલળી ગયા છે.

ચરખડી ગામે પડેલા આ કમોસમી વરસાદને કારણે ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા અને દિવસભરની મહેનત બાદ તૈયાર કરેલા પાકનાં પાથરા ભીંજાઈ જવાથી ખેડૂતોની ચિંતામાં અનેકગણો વધારો થયો છે.

પાક નષ્ટ થવાના આરે પહોંચી જવાથી આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. બીજી બાજુ, ભારે વરસાદને કારણે ચરખડી ગામના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

નડિયાદમાં વૂડ્સ માફિયાઓ બેફામ!

અંધકારની આડમાં ચાલી રહ્યો છે ગેરકાયદેસર લાકડાનો કાળો કારોબાર

નડિયાદ

ગુજરાતમાં એક તરફ વનસંપદાની રક્ષા અને હરિયાળી વધારવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વૃક્ષારોપણના અભિયાનો ચલાવવામાં આવે છે, તો બીજી તરફ વૂડ્સ માફિયાઓ અને તસ્કરોની મીલીભગતથી પ્રકૃતિનું નિકંદન કાઢતું એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. નડિયાદના સંવેદનશીલ વિસ્તારમાં, ખાસ કરીને 'સો મિલ ઓનર્સ એસોસિએશન' માન્ય સંતરામ વે બ્રીજ પાસે અંધકારની આડમાં ગેરકાયદેસર લાકડાનો કાળો કારોબાર ધમધમી રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. મળતી માહિતી મુજબ, પંચમહાલ અને મધ્ય ગુજરાતના જંગલ વિસ્તારો એટલે કે શહેરા (ગોધરા), આદિવાસી પટ્ટાવાળા છોટાઉદેપુર તેમજ સંતરામપુર જેવા સંવેદનશીલ વિસ્તારોમાંથી

પર્યાવરણના ભોગે આડેધડ અને ગેરકાયદેસર વૃક્ષછેદન (વુડ કટીંગ) કરવામાં આવી રહ્યું છે. વૂડ્સ માફિયાઓ રાત્રીના સમયે કે કાયદાની આંખમાં ધૂળ નાખીને આ બેફામ કપાત કરેલા મૂલ્યવાન લાકડાના જથ્થાને ટ્રકો મારફતે સીધા નડિયાદ સુધી પહોંચાડે છે.

પ્રકૃતિના ભોગે ચાલતા આ ધંધામાં હરિયાળા જંગલોને રાતોરાત ખાલી કરી દેવામાં આવી રહ્યા છે, છતાં વન વિભાગ અને સ્થાનિક તંત્ર કુંભકર્ણની નિદ્રામાં સૂતું હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરા, છોટાઉદેપુર અને સંતરામપુરથી ગેરકાયદેસર રીતે ભરીને લાવવામાં આવતી ટ્રકો સીધી નડિયાદમાં આવેલ 'સો મિલ ઓનર્સ એસોસિએશન' માન્ય સંતરામ વે બ્રીજ પાસે ઉતારવામાં આવે છે. અહીં રાત્રિના અંધકારમાં કે વહેલી સવારે આ ગેરકાયદેસર લાકડાઓની ગુપ્ત હરાજી કરવામાં આવે છે અને મીલોને સસ્તા ભાવે લાકડા વેચી દેવામાં આવે છે.

આટલી મોટી માત્રામાં ગેરકાયદેસર લાકડાઓ ખુલ્લેઆમ નડિયાદ સુધી પહોંચતા હોય અને તેની હરાજી થતી હોય, તો પણ જવાબદાર સત્તાધીશો કે વન વિભાગના અધિકારીઓની નજર કેમ નથી પડતી? કે પછી આ સમગ્ર ખેલ કોઈની મીઠી નજર હેઠળ ચાલી રહ્યો છે? તે એક મોટો સવાલ છે.

અમેરલીના બાબરામાં કમોસમી વરસાદનો કહેર

માર્કેટયાર્ડમાં ખુલ્લામાં પડેલા કપાસ અને મગફળીના પાક પાણીમાં પલળી જતાં ખેડૂતોની દિવાળી બગડી!!

અમરેલી

ગુજરાતમાં એક તરફ દિવાળીના પર્વની રોશની અને ખુશીઓનો માહોલ ચાલી રહ્યો છે, તો બીજી તરફ અમરેલી જિલ્લાના બાબરા પંથકમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. બાબરા શહેરમાં મોડી રાત્રે અચાનક ત્રાટકેલા અનિચ્છનીય અને કમોસમી વરસાદે (Unseasonal Rain) અન્નદાતાઓની દિવાળીની ખુશીઓ પર પાણી ફેરવી દીધું છે. બાબરા માર્કેટયાર્ડના ખુલ્લા મેદાનમાં વેચાણ અર્થે લાવીને રાખવામાં આવેલો હજારો મણ કપાસ અને મગફળીનો પાક પાણીમાં પલળી જતાં ખેડૂતોને માથે મોટું આર્થિક સંકટ તોળાઈ ગયું છે.

મળતી વિગતો અનુસાર, દિવાળીના તહેવારોની રજાઓ અગાઉ બાબરા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની મહેનતની કમાણી સમાન કપાસ અને મગફળીની ઉપજ વેચવા માટે બાબરા માર્કેટયાર્ડ પહોંચ્યા હતા. માર્કેટયાર્ડમાં આવક વધારે હોવાને કારણે અને ગોડાઉનમાં જગ્યાના અભાવે મોટાભાગની જણસી ખુલ્લા મેદાનમાં ઢગલા કરીને રાખવામાં આવી હતી. પરંતુ, કુદરતને કંઈક અલગ જ મંજૂર હોય તેમ મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધોધમાર કમોસમી વરસાદ શરૂ થઈ ગયો હતો. અચાનક

ત્રાટકેલા આ વરસાદથી બચવા માટે ખેડૂતોને કોઈ જ તક મળી નહોતી, પરિણામે વાડી-ખેતરમાં મહિનાઓની મહેનત કરી, રાત-દિવસ એક કરીને યાર્ડ સુધી પહોંચાડેલો કપાસ અને મગફળીનો પાક નજર સમક્ષ જ પાણીમાં પલળી ગયો હતો. કમોસમી વરસાદના કારણે પલળેલી જણસીને જોઈને ખેડૂતોની આંખોમાં પાણી આવી ગયા છે. ખેડૂતોનું કહેવું છે કે, ચોમાસામાં કુદરતે જેમ-તેમ કરીને સાથ આપ્યો હતો અને માંડ માંડ પાક હાથમાં આવ્યો હતો, પરંતુ દિવાળીના પ્રાગૈતિહાસિક ટાંકણે જ આ કમોસમી વરસાદે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવી લીધો છે.

પોઇચા રંગ સેતુ બ્રિજનું મોટું ગ્રહણ: 1 વર્ષથી ભારે વાહનો માટે બંધ, વાહન ચાલકોને 40 કિલોમીટરનો તોતિંગ ધક્કો!

2005માં જ બનેલા પુલની ગુણવત્તા સામે ગંભીર સવાલો; 204 કરોડના ખર્ચે બની રહેલા નવા બ્રિજમાં પારદર્શિતા અને ગુણવત્તા જાળવવા ધારાસભ્ય ડૉ. દર્શનાબહેન દેશમુખની સરકારને ધારદાર રજૂઆત

નર્મદા

નર્મદા અને વડોદરા જિલ્લાને જોડતી અત્યંત મહત્વની આર્થિક અને વાહનવ્યવહારની દોરીસમાન રાજપીપળા-વડોદરા માર્ગ પર આવેલો પોઈચા રંગ સેતુ બ્રિજ હાલ પ્રજા માટે ભારે મુસીબતનું કેન્દ્ર બન્યો છે. નર્મદા નદી પર બાંધવામાં આવેલો આ હાઈવે બ્રિજ ગત ૧ વર્ષથી મોટા અને ભારે વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. જે નર્મદા જિલ્લાના નાગરિકો, વેપારીઓ અને વાહનચાલકો માટે મોટી હાલાકી અને આર્થિક બોજ સમાન સાબિત થઈ રહ્યો છે. પોઈચા રંગ સેતુ બ્રિજ પર ભારે વાહનો પર પ્રતિબંધ મુકાતા રાજપીપળાથી વડોદરા કે અન્ય વિસ્તારો તરફ જતા ભારે વાહનો અને કોમર્શિયલ ટ્રાન્સપોર્ટરોને ફરજિયાતપણે ૪૦ કિલોમીટરનો લાંબો વધારાનો ફેરો (ડાયવર્ઝન) કરવો પડી રહ્યો છે. જેના કારણે દરરોજ હજારો લીટર ડિઝલ-પેટ્રોલનો ધુમાડો થાય છે અને કિંમતી સમયનો વ્યય થાય છે. વેપાર-ધંધા પર પણ તેની સીધી અને ગંભીર અસર જોવા મળી રહી છે. આ સમગ્ર મામલે સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ બ્રિજ વર્ષ ૨૦૦૫માં જ બનાવીને લોકાર્પણ કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે કોઈપણ મોટા આરસીસી બ્રિજનું આયુષ્ય દાયકાઓ સુધીનું હોય છે, ત્યારે માત્ર બે દાયકાના ટૂંકા ગાળામાં આ બ્રિજની સ્થિતિ એવી કેવી રીતે થઈ ગઈ કે તેને ભારે વાહનો માટે બંધ કરવાની નોબત આવી? આ બાબતે તત્કાલીન કોન્ટ્રાક્ટરો, એન્જિનિયરો અને બાંધકામની લો ફેસિલીટી તથા ગુણવત્તા (Quality) સામે ગંભીર સવાલો ઊભા થયા છે. જનતાના ટેક્સના કરોડો રૂપિયા આ રીતે નકામા ગયા હોવાનો રોષ લોકોમાં જોવા મળી રહ્યો છે. હાલમાં આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકાર દ્વારા રૂ. ૨૦૪ કરોડના મસમોટા ખર્ચે નવા બ્રિજનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક ધારાસભ્ય ડૉ. દર્શનાબહેન દેશમુખે આક્રમક વલણ અપનાવ્યું છે.

સરકારી અણઆવડત અને ઉદાસીનતાનો ભોગ બન્યું પર્યાવરણ

વનકર્મીઓના ધરણાંથી પ્રકૃતિ અને વન્યપ્રાણીઓ અનાથ, છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી!

ગાંધીનગર

ગુજરાતમાં વન અને પર્યાવરણની રક્ષા કરતા વનકર્મીઓ (Forest Employees) પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને આંદોલન અને ધરણાંના માર્ગે ઉતરી આવ્યા છે. પરંતુ અત્યંત શરમજનક અને ચિંતાજનક બાબત એ છે કે દિવસો વીતવા છતાં વહીવટી તંત્ર કે સરકાર દ્વારા આ સમસ્યાનો કોઈ સકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો નથી.

વનકર્મીઓની હડતાળ અને ધરણાંના કારણે રાજ્યના વિરાટ જંગલો, પશુ-પક્ષીઓ અને દુર્લભ વન્યપ્રાણીઓ હાલ સંપૂર્ણપણે રક્ષણ વિહોણા બન્યા છે, છતાં સત્તાધીશોના 'પેટનું પાણી પણ હલતું નથી' જેને લઈને જાગૃત નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. મળતી વિગતો અનુસાર, રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા બીટ ગાર્ડ, ફોરેસ્ટર અને વન વિભાગના કર્મચારીઓ પોતાના ગ્રેડ પે, રક્ષણ માટેના ભથ્થાં અને નોકરીના સમાન હક-અધિકારો માટે ગાંધીનગરથી લઈને જિલ્લા મથકો સુધી ધરણાં પ્રદર્શન કરી રહ્યા છે. વનકર્મીઓ પોતાની ફરજથી અળગા રહેતા જંગલો અને અભયારણ્યોમાં પેટ્રોલિંગ સાવ ઠપ થઈ ગયું છે. જંગલો રક્ષકો વિના રેઢા પડતાં જ ગેરકાયદેસર વૃક્ષછેદન કરનારા વૂડ્સ માફિયાઓ, જમીન પચાવી પાડનારા અસામાજિક તત્વો અને શિકારીઓ માટે ખુલ્લો મેદાન મળી ગયું છે. વન્યપ્રાણીઓની સુરક્ષા સામે ઘાતક ખતરો ઊભો થયો છે. એશિયાઈ સિંહોની ભૂમિ એવા ગીરથી લઈને ડાંગ અને પંચમહાલના સંવેદનશીલ જંગલો સુધી વન્યજીવોની સારસંભાળ, રક્ષણ અને રેસ્ક્યુ કામગીરી પર ગંભીર અસર પડી છે. જો કોઈ વન્યપ્રાણી ઘાયલ થાય કે માનવ વસવાટમાં આવી ચડે, તો સમયસર મદદ પહોંચાડનાર કોઈ નથી. ચોમાસા કે શિયાળાના આગમન વચ્ચે જંગલોમાં લાગતી આગને રોકવી કે સીમાડા સાચવવા માટે પણ તંત્ર પાસે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ નથી. વનકર્મીઓ અને સરકાર વચ્ચેની આ લડાઈમાં સૌથી મોટો માર કુદરત, પ્રકૃતિ અને અબોલ વન્યજીવો સહન કરી રહ્યા છે.

આસારામની પેરોલ વિવાદનો અંત

રાજસ્થાન હાઈકોર્ટે અવમાનના અરજી ફગાવી

ગાંધીનગર

ગુજરાત અને દેશભરમાં ભારે ચર્ચા તેમજ રાજકીય-સામાજિક ગલિયારામાં તીખી પ્રતિક્રિયાઓ જગાવનાર બળાત્કારી આસારામની ૨૦ દિવસની પેરોલ મંજૂરીનો વિવાદ આખરે કાનૂની સ્તરે શાંત પડ્યો છે. રાજસ્થાન હાઈકોર્ટે આ સમગ્ર મામલે દાખલ કરાયેલી કોર્ટના અવમાનના (Contempt of Court) અંગેની અરજીનો આખરે આખરી નિકાલ કરી દીધો છે, જેના પગલે ચાલતી તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. સગીરા પર દુષ્કર્મના અત્યંત ગંભીર અને દેશભરમાં ગાજેલા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામે પોતાની વૃદ્ધાવસ્થા તેમજ હૃદયરોગ સહિતની વિવિધ ગંભીર બિમારીઓની સારવાર માટે અદાલતમાં પેરોલની માંગણી મૂકી હતી. કાનૂની પ્રક્રિયાના ભાગરૂપે રાજસ્થાન હાઈકોર્ટે તેની તબીબી જરૂરિયાતો અને સ્વાસ્થ્યના અહેવાલોને ધ્યાને રાખીને ૨૦ દિવસના કામચલાઉ જામીન એટલે કે પેરોલ મંજૂર કર્યા હતા. આ નિર્ણય સપાટી પર આવતાની સાથે જ પીડિત પક્ષ, સામાજિક સંગઠનો અને કાયદાકીય વર્તુળોમાં ભારે રોષ અને તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી હતી.

આ નિર્ણય સામે સુરક્ષા અને કાયદાકીય પ્રક્રિયાના ઉલ્લંઘનનો ગંભીર દાવો કરીને હાઈકોર્ટમાં અવમાનના અરજી દાખલ કરવામાં આવી હતી. દાખલ કરાયેલી અવમાનના અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પેરોલની મુદત દરમિયાન નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ શકે છે. સાથોસાથ, આ કેસના સંવેદનશીલ સાક્ષીઓ તેમજ પીડિત પરિવારની સુરક્ષા સામે પણ મોટું જોખમ ઊભું થવાની પ્રબળ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

ડભોઈ ખાતે 'રન ફોર યુનિટી'નો અદ્ભુત પ્રારંભ

5,000થી વધુ નાગરિકોના જોશ અને ઉત્સાહ સાથે નગરમાં છવાયો દેશભક્તિનો માહોલ

ડભોઈ

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે સમગ્ર રાજ્યભરમાં વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તે જ શૃંખલાના ભાગરૂપે ડભોઈ ખાતે એકતા માર્ચ ('રન ફોર યુનિટી')નું અત્યંત ભવ્ય અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિશેષ ઉપસ્થિતિ આપીને એકતા દોડને લીલી ઝંડી બતાવી વિધિવત પ્રસ્થાન કરાવ્યું હતું.

આ 'રન ફોર યુનિટી'નો પ્રારંભ ડભોઈના કોલેજ ગ્રાઉન્ડ ખાતેથી થયો હતો. સવારથી જ ગ્રાઉન્ડ પર યુવાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, સામાજિક અગ્રણીઓ અને સ્થાનિક નાગરિકોનો અદ્ભુત ઉત્સાહ જોવા મળ્યો હતો. ૫,૦૦૦થી પણ વધુ લોકો હાથમાં તિરંગા સાથે આ દોડમાં ઉત્સાહભેર જોડાયા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ બી. જે. બ્રહ્મભટ્ટ, વડોદરા જિલ્લા ભાજપના જ્યેષ્ઠ અગ્રણી શશીકાંતભાઈ પટેલ તેમજ સ્થાનિક સંગઠનના હોદ્દેદારો અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દોડ કોલેજ રોડથી શરૂ થઈ શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈને ઐતિહાસિક વડોદરી ભાગોળ ખાતે સંપન્ન થઈ હતી. સમગ્ર માર્ગ દરમિયાન અબાલ-વૃદ્ધ સૌ કોઈ દોડવીરોનો ઉત્સાહ વધારતા નજરે પડ્યા હતા. આખો માર્ગ 'ભારત માતા કી જય', 'વંદે માતરમ' અને 'સરદાર પટેલ અમર રહો'ના બુલંદ નારાઓથી ગૂંજી ઊઠ્યો હતો, જેના કારણે સમગ્ર ડભોઈ નગર રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયું હતું. સ્થાનિક નાગરિકો અને યુવાનોને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ કરતાં વધુ રજવાડાંઓનું એકીકરણ કરીને જે અખંડ નું નિર્માણ કર્યું હતું, તેની શક્તિ અને સામર્થ્ય આજે આખું વિશ્વ જોઈ રહ્યું છે. તેમણે ભારપૂર્વક ઉમેર્યું હતું કે, 'જે લોકો અને દેશોએ એક સમયે આખી દુનિયા પર શાસન અને રાજ કર્યું હતું, તે જ દેશોના નેતાઓ અને લોકો આજે સરદાર સાહેબના આદર્શો અને તેમની મહાનતા આગળ શિશ નમન કરવા માટે ભારત આવે છે.'

વડોદરામાં પર્યાવરણ સુરક્ષાના દાવાઓની ધજીયા ઉડી

MS યુનિવર્સિટી નજીક ભૂખી કાંસ બન્યું બાંધકામના કાટમાળનું ડમ્પિંગ સાઈટ!!!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં એક તરફ પાલિકા પ્રશાસન દ્વારા પર્યાવરણની જાળવણી, નદીઓની સ્વચ્છતા અને વૃક્ષારોપણની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ બીજી તરફ જમીની હકીકત સાવ ઉલટી અને અત્યંત શરમજનક ચિત્ર રજૂ કરી રહી છે. વડોદરાના પ્રતિષ્ઠિત શિક્ષણધામ ગણાતી એમ. એસ. યુનિવર્સિટી (MS University) ના અતિ મહત્વના વિસ્તાર નજીકથી પસાર થતી ઐતિહાસિક ભૂખી કાંસમાં હાલ બેફામ રીતે બાંધકામનો કાટમાળ (C&D Waste) ઠાલવવામાં આવી રહ્યો છે. તંત્રની આંખ સામે જ કુદરતી જળસ્ત્રોતનું ગળું ટૂંપાઈ રહ્યું હોવા છતાં પાલિકાનું મૌન અને નિષ્ક્રિયતા અનેક ગંભીર સવાલો ઊભા કરે છે. મળતી વિગતો અનુસાર, એમ. એસ. યુનિવર્સિટીની આસપાસ અને ભૂખી કાંસના કાંઠે કેટલાક અસામાજિક તત્વો અને બિલ્ડરો દ્વારા રાત-દિવસ બાંધકામનો કાટમાળ, પ્લાસ્ટિક અને ઘન કચરો બેફામપણે ઠાલવવામાં આવી રહ્યો છે. ભૂખી કાંસ એ માત્ર એક સામાન્ય નાળું નથી, પરંતુ ચોમાસા દરમિયાન

શહેરના વિશાળ વિસ્તારમાંથી કુદરતી રીતે વરસાદી પાણીનો નિકાલ કરતી અત્યંત મહત્વની કડી છે. કાટમાળના ખડકાયેલા ઢગલાઓને કારણે આ કુદરતી જળસ્ત્રોતનો માર્ગ રુંધાઈ રહ્યો છે. જેના કારણે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ, ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ ભયજનક રીતે વધી રહ્યો છે. થોડા જ વરસાદમાં સમગ્ર વિસ્તાર જળબંબાકાર થવાનું અને રોગચાળો ફાટી નીકળવાનું જોખમ તોળાઈ રહ્યું છે. ચિંતાજનક વાત તો એ છે કે આવી જ બદતર સ્થિતિ વડોદરાની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીના કિનારે પણ જોવા મળી રહી છે.

વિશ્વામિત્રીના પટમાં અને કાંઠાના વિસ્તારોમાં પણ બેરોકટોક કાટમાળ નાખીને નદીના કુદરતી પ્રવાહને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. વડોદરાના પર્યાવરણપ્રેમીઓ, સામાજિક કાર્યકરો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં આ બેદરકારીને લઈને ભારે ચિંતા અને આક્રોશ વ્યાપી ગયો છે. પર્યાવરણપ્રેમીઓનું કહેવું છે કે જો કુદરતી જળસ્ત્રોતોને આ રીતે જ પૂરી દેવામાં આવશે, તો ચોમાસામાં વડોદરા શહેરે ફરી એકવાર ભયાનક પૂરની હોનારત વેઠવી પડશે.

સુરત સિવિલ હોસ્પિટલમાં ફરી સરકારી અરાજકતા

એક્સ-રે માટે વ્હિલચેર ન મળતાં વૃદ્ધા રઝળ્યા, વિવાદ થતાં સિક્યુરિટી અને પરિવારજનો વચ્ચે ઉગ્ર ઘર્ષણ!!

સુરત

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી અને પ્રખ્યાત એવી સુરત નવી સિવિલ હોસ્પિટલ (Surat Civil Hospital) ફરી એકવાર દર્દીઓની હાલાકી અને વહીવટી બેદરકારીના કારણે વિવાદના ભંવરમાં ફસાઈ છે. કરોડો રૂપિયાના સરકારી બજેટ અને સુવિધાઓના મોટા-મોટા દાવા કરતી સિવિલ હોસ્પિટલમાં એક વૃદ્ધ દર્દીને એક્સ-રે કરાવવા માટે સમયસર વ્હિલચેર ન મળતાં ખળભળાટ મચી ગયો હતો. વ્હિલચેર જેવી પ્રાથમિક સુવિધા પણ ન મળવાથી ગુસ્સે ભરાયેલા પરિવારજનો અને હોસ્પિટલના સુરક્ષાકર્મીઓ વચ્ચે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે હોસ્પિટલ પરિસરમાં ભારે હોબાળો મચી ગયો હતો.

મળતી વિગતો અનુસાર, સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલાં એક વૃદ્ધ મહિલાને ડૉક્ટર દ્વારા એક્સ-રે કઢાવવા માટે લખી આપવામાં આવ્યું હતું. પરંતુ, હોસ્પિટલના ભારે ભીડભાડવાળા વાતાવરણમાં દર્દીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે પૂરતી વ્હિલચેર કે સ્ટ્રેચર ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હતું. પરિવારજનોએ વારંવાર વિનંતી કરવા છતાં વ્હિલચેર ન મળતાં દર્દીને ચાલવામાં ભારે તકલીફ પડી હતી અને તેઓ હાલાકીનો ભોગ બન્યા હતા. અસહ્ય પીડા અને તંત્રની ઉદાસીનતા જોઈને પરિવારજનોનો રોષ સાતમા આસમાને પહોંચ્યો હતો અને તેમણે હોસ્પિટલની આ અવ્યવસ્થા સામે અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું હતું. જ્યારે પરિવારજનોએ આ સમગ્ર લાચારી અને વહીવટી બેદરકારીનો વીડિયો પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે સિવિલ હોસ્પિટલના સુરક્ષાકર્મીઓ (Security Guards) તાત્કાલિક મેદાનમાં આવી ગયા હતા. સિક્યુરિટી ગાર્ડ્સે વીડિયો ઉતારવાની સખત મનાઈ ફરમાવીને બળજબરીપૂર્વક વીડિયો ડિલીટ કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. આ મુદ્દે ગાર્ડ્સ અને રોષે ભરાયેલા પરિવારજનો વચ્ચે બોલાચાલી અને ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. હોસ્પિટલના પ્રાંગણમાં દર્દીઓ અને લોકમેદની વચ્ચે મામલો તણાવપૂર્ણ બનતા ભારે હોબાળો મચી ગયો હતો. પરિસ્થિતિ કાબૂ બહાર જતા હોસ્પિટલ પ્રશાસન દ્વારા તુરંત જ પોલીસને જાણ કરવામાં આવી હતી.

જટિલ ગુનાઓની તપાસ માટે ગુજરાત પોલીસના 6 અધિકારીને રાષ્ટ્રીય સન્માન

ગાંધીનગર

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ગુજરાત પોલીસ માટે ગૌરવના સમાચાર સામે આવ્યા છે. વિવિધ ગુનાઓની ઊંડાણપૂર્વકની તપાસ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત પોલીસના 6 અધિકારીઓની વર્ષ 2026ના 'કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક' માટે પસંદગી કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દેશભરમાંથી 490 કર્મચારીઓને આ પ્રતિષ્ઠિત સન્માન આપવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના જે 6 અધિકારીઓની પસંદગી થઈ છે, તેમાં SP અંશુલ જૈન, ASP સિમરન ભારદ્વાજ, DySP રણજીતસિંહ સિંઘલ, પોલીસ ઈન્સ્પેક્ટર જયેશ ઠાકોર, પોલીસ ઈન્સ્પેક્ટર પાર્થેન્દ્રસિંહ વાઘેલા અને પોલીસ ઈન્સ્પેક્ટર ગુણવંત મનુભાઈ હડિયાનો સમાવેશ થાય છે. ગુજરાતના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે એવોર્ડ માટે પસંદગી પામેલા તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસના કર્મઠ અધિકારીઓને રાષ્ટ્રીય સ્તરે મળેલું આ પ્રતિષ્ઠિત સન્માન સમગ્ર રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. ઈન્વેસ્ટિગેશન ક્ષેત્રે તેમની ઊંડાણપૂર્વકની અને નિષ્ઠાવાન કામગીરી અન્ય પોલીસકર્મીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.

દિવાળીના તહેવારના હપ્તા પેટે

રૂ.22,000ની લાંચ લેતો CNCD શાખાનો આઉટસોર્સ કર્મચારી ACBની જાળમાં ઝડપાયો

ગાંધીનગર

ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે પ્રજાની સેવા માટે બેઠેલી સરકારી અને મ્યુનિસિપલ કચેરીઓમાં કાગળ પર તો 'વિકાસ' અને 'સુશાસન'ની મોટી મોટી વાતો થાય છે, પરંતુ હકીકતમાં ભ્રષ્ટાચારનું કેન્સર કઈ હદે ઊંડે સુધી ફેલાયેલું છે તેનું એક વધુ નગ્ન ઉદાહરણ સામે આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા (GMC)ની સી.એન.સી.ડી. (CNCD - કેટ ન્યુસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ) શાખામાં ફરજ બજાવતો એક આઉટસોર્સ કર્મચારી દિવાળીના તહેવાર ટાંકણે જ પ્રજાનું લોહી ચૂસવામાં વ્યસ્ત હોવાનું એસીબી (ACB) ના છટકામાં રંગે હાથ ઝડપાઈ ગયો છે. મળતી વિગતો અનુસાર, એસીબી ગુજરાત (ACB Gujarat) ની ટીમને મળેલી સચોટ બાતમી અને ફરિયાદના આધારે આ

જયદિપસિંહ રામસિંહ રાજપુત

ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાની સી.એન.સી.ડી. શાખામાં આઉટસોર્સ એજન્સી મારફતે લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર (L.I.) તરીકે ફરજ બજાવતા જયદિપસિંહ રામસિંહ રાજપુત નામના કર્મચારીએ ફરિયાદીને ટાર્ગેટ કર્યા હતા.

ફરિયાદીના પશુઓ/ઢોર પકડીને તેના પર ભારેખમ કેસ ન કરવા તેમજ ભવિષ્યમાં હેરાન ન કરવાના અવેજ પેટે આ લાંચિયા કર્મચારીએ 'દિવાળીના તહેવારના હપ્તા' તરીકે રૂ. ૨૨,૦૦૦/- (બાવીસ હજાર રૂપિયા) ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી.

ભ્રષ્ટ કર્મચારીઓની આવી ધાકધમકીઓથી કંટાળીને આ બાબતની જાણ તુરંત જ 'એસીબી ગુજરાત' (ACB Gujarat) ના અધિકારીઓને કરવામાં આવી હતી. એસીબીની ટીમે આ મામલે કાયદેસરની ટ્રેપ ગોઠવી હતી. ગાંધીનગર મનપાની હદ વિસ્તારમાં અથવા નક્કી કરેલા સ્થળે જયદિપસિંહ રાજપુત દ્વારા જેવો ફરિયાદી પાસેથી રૂ. ૨૨,૦૦૦ ની લાંચની રકમ સ્વીકારવામાં આવી, તે સાથે જ વોચમાં રહેલી એસીબીની કુશળ ટીમે ત્રાટકીને તેને રંગે હાથે ઝડપી પાડ્યો હતો.

ડભોઈના ટીંબી ગામે કાળમુખી આઈસર બસનો કહેર: પૂરપાટ ઝડપે દોડતી બસે બાઈકસવાર આધેડને કચડી નાખતા ઘટનાસ્થળે જ કરુણ મોત

ડભોઈ

ડભોઈ પંથકમાં બેફામ દોડતા ભારે વાહનોનો ત્રાસ હવે નિર્દોષ નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ડભોઈ તાલુકાના ટીંબી ગામની સીમમાં સર્જાયેલા એક અત્યંત ગમખ્વાર અને હૃદયદ્રાવક અકસ્માતમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક અજાણી આઈસર બસના ચાલકે મોટરસાઈકલ સવાર આધેડને અડફેટે લીધા હતા. આ પ્રચંડ ટક્કરમાં આધેડનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અકસ્માત સર્જીને પાશવી ચાલક પોતાનું વાહન ભગાડીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ અને શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડભોઈ તાલુકાના પણસોલી ગામ ખાતે આવેલી નર્મદા વસાહતમાં રહેતા વરસનભાઈ રાઠવા પોતાના રોજિંદા કામ અર્થે બહાર ગયા હતા અને ગત ૩૦મી તારીખે સવારે અંદાજે ૧૦:૪૫ વાગ્યાના સુમારે તેઓ પોતાનું મોટરસાઈકલ લઈને હેમખેમ પોતાના ઘર તરફ પરત ફરી રહ્યા હતા. તેઓ ડભોઈના ટીંબી ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન પૂરઝડપે અને બેફામ રીતે દોડી રહેલી એક અજાણી આઈસર બસના ચાલકે પોતાના વાહનને ગફલતભરી રીતે હંકારીને વરસનભાઈની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક સવાર વરસનભાઈ રોડ ઉપર ફંગોળાઈને જોરથી પટકાયા હતા. આઈસર બસની પ્રચંડ ટક્કરને કારણે વરસનભાઈને માથાના ભાગે તેમજ શરીરના અન્ય મહત્વના અંગો પર જીવલેણ અને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

સુરત મહાનગરપાલિકામાં ભજિયાં કાંડ

સામાન્ય સભામાં 1 લાખ રૂપિયાના ભજિયાં ઝાપટી જતાં ભારે વિવાદ!!!

સુરત

દક્ષિણ ગુજરાતના ટેક્સટાઈલ અને ડાયમંડ સિટી ગણાતા સુરતમાં મહાનગરપાલિકા (SMC)ની સામાન્ય સભા ફરી એકવાર અનોખા વિવાદના કેન્દ્રમાં આવી છે. આ વખતે વિવાદ કોઈ વિકાસના કામ કે બજેટને લઈને નથી થયો, પરંતુ સામાન્ય સભા દરમિયાન કોર્પોરેટરો અને વિઝિટરો દ્વારા ઝાપટી જવાયેલા લાખો રૂપિયાના નાસ્તા અને ભજિયાંને લઈને સડસડાટ વિવાદ ઊભો થયો છે! મહાનગરપાલિકાની સભામાં આશરે ૧ લાખના ભજિયાં ખવાઈ ગયા હોવાની વિગતો સામે આવતાં જ નાગરિકો અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. મળતી માહિતી મુજબ, સુરત મહાનગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં રૂ. ૭૫૦ પ્રતિ કિલોના ભાવના કુલ ૩૧ કિલો ભજિયાં તેમજ પ્રસિદ્ધ સુરતી ઘારી મગાવવામાં આવી હતી. આ



સભામાં નાસ્તા પાછળ મસમોટું આંકડાકીય બિલ બનતા જ ભારે ચકચાર મચી ગઈ હતી. એક તરફ સામાન્ય જનતા રસ્તા, પાણી અને પ્રાથમિક સુવિધાઓ માટે હેરાન થઈ રહી છે, ત્યારે બીજી તરફ કમિશનર અને કોર્પોરેટરોની સભામાં નાસ્તાના નામે આટલો મોટો તોતિંગ ખર્ચ સામે આવતા જનતામાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર ભજિયાં કાંડનો વિવાદ મીડિયા અને સોશિયલ મીડિયામાં ઘેરો બનતાં સુરત શહેરના મેયર માયાબહેને આગળ આવીને સવાલોના જવાબ આપ્યા હતા. તેમણે વિવાદ પર પડદો પાડવાનો પ્રયાસ કરતા જણાવ્યુ હતું કે, "ચંદી પડવાનો તહેવાર હતો, એટલા માટે મેં લોકોને ઘારી અને ભજિયાં ખવડાવ્યાં છે. ૭૫૦ રૂપિયાના કિલોના ભાવ મુજબ ૩૧ કિલો ભજિયાં ખવાયાં છે." પોતાના નિર્ણયનો બચાવ કરતાં મેયરે વધુમાં ઉમેર્યું હતું કે, 'આ સામાન્ય સભામાં માત્ર કોર્પોરેટરો જ નહીં, પરંતુ મીડિયાના પત્રકારો, મહાનગરપાલિકાનો તમામ સ્ટાફ અને સભા જોવા આવેલા તમામ મુલાકાતીઓને પણ આ નાસ્તો પ્રેમથી આપવામાં આવ્યો હતો.' મેયર ગમે તેટલા તહેવારના બહાના હેઠળ આ ખર્ચને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરે, પરંતુ ૧ લાખ રૂપિયાના ભજિયાં અને ઘારીના ખર્ચે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે.

ડભોઈના યુવકને અજાણી લિંક મોકલી સાયબર ઠગોએ 3 લાખમાં નવડાવ્યો

ઈ-ચલણના નામે આવી લિંક અને બેંક એકાઉન્ટમાંથી ખાલી થઈ ગયા ₹3.00 લાખ; બાઈક રિપેરિંગ કરતા શ્રમજીવી યુવક સાથે મોટો ફ્રોડ, સાયબર સેલમાં ફરિયાદ

ડભોઈ

ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમ અને ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ દિન-પ્રતિદિન ભયજનક રીતે વધી રહ્યા છે. સાયબર ભઠિયાઓ હવે નિર્દોષ નાગરિકોને જાળમાં ફસાવવા માટે અવનવી તકનીકો અજમાવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો અને ઘાતક કિસ્સો ડભોઈ તાલુકામાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં અજાણી લિંક ઓપન કરતાં જ એક સામાન્ય યુવકના બેંક એકાઉન્ટમાંથી ક્ષણવારમાં ૩ લાખથી વધુની રકમ ગાયબ થઈ ગઈ હતી.

મળતી વિગત મુજબ, ડભોઈ તાલુકાના ચાણોદ નજીક આવેલા નવા માંડવા ગામમાં રહેતા ૨૯ વર્ષીય અજય પ્રવીણભાઈ માછી બાઈક રિપેરિંગનો વ્યવસાય કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૧૨ સપ્ટેમ્બરના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યાના સુમારે અજય માછી પોતાના ગેરેજ પર કામ કરી રહ્યા હતા. તે સમયે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી 'Vehicle. SG.e-Challan' નામની એક શંકાસ્પદ લિંક આવી હતી.

પોતાના વાહનનું ઈ-ચલણ આવ્યું હોવાનું સમજીને અજયભાઈએ જેવી તે લિંક પર ક્લિક કર્યું કે તુરંત જ તેમના મોબાઈલમાં 'mParivahan Next Gen' નામની એક ભળતી એપ્લિકેશન આપોઆપ ડાઉનલોડ થઈ ગઈ હતી.

નફો કરતી સરકારી બેન્ક વેચવા પાછળનું મોટું રહસ્ય શું?: પ્રજાના પૈસાથી બેન્ક બેઠી કરી કેનેડિયન કંપનીને પાણીના ભાવે વેચી દેવાનો ઘાતક ખેલ!

એલઆઈસી (LIC) પોલીસીધારકોની ₹26,000 કરોડની કમાણી ડૂબાડીને IDBI બેન્ક ફેરફેક્સને કોના ઈશારે સોંપાઈ? નિયમો બદલીને કરવામાં આવેલા સોદા સામે ઉઠતા સળગતા સવાલો

સ્પેશિયલ રિપોર્ટ - વિશેષ લેખ

દેશની આર્થિક કરોડરજ્જુ ગણાતી બેન્કિંગ સિસ્ટમમાં હાલમાં એક એવો ખળભળાટ મચ્યો છે જેણે સરકારની નીતિઓ સામે ગંભીર સવાલો ખડા કરી દીધા છે. જે સંસ્થાએ છેલ્લા કેટલાક વર્ષોથી રેકોર્ડબ્રેક નફો કર્યો છે, જે બેન્કનું એનપીએ (NPA) માત્ર ૨.૩% ની નીચી સપાટી પર આવી ગયું છે અને જેની આર્થિક સ્થિતિ અત્યંત મજબૂત છે, તેવી એક નફાકારક સરકારી બેન્કને આખરે માટીના મોલ કેમ વેચી દેવામાં આવી? આ સવાલ આજે માત્ર અર્થશાસ્ત્રીઓ જ નહીં, પરંતુ દેશના દરેક સામાન્ય નાગરિકના મનમાં ગૂંજી રહ્યો છે.

1964થી શરૂ કરીને 2026 સુધીની આશ્ચર્યજનક સફર

ઈતિહાસ પર નજર કરીએ તો, IDBI (Industrial Development Bank of India) ની સ્થાપના ૧ જુલાઈ ૧૯૬૪ ના રોજ સંસદના કાયદા હેઠળ દેશના ઔદ્યોગિકરણને વેગ આપવા અને લાંબા ગાળાની લોન પૂરી પાડવા માટે થઈ હતી. વર્ષ ૨૦૦૫માં IDBI બેન્કનું IDBI લિમિટેડમાં વિલીનીકરણ થયું. સમય જતાં, વર્ષ ૨૦૧૮માં આ બેન્ક ખરાબ લોન (NPA) ના માં ફસાઈ ગઈ. સપ્ટેમ્બર ૨૦૧૮માં ગ્રોસ એનપીએ ૩૧.૭૮% સુધી પહોંચી ગયો અને નાણાકીય વર્ષ ૨૦૧૮માં બેન્કને અંદાજે ૮,૨૩૮ કરોડનું ભારેખમ નુકસાન થયું.

આ કપરા કાળમાં બેન્કને બચાવવા માટે જાન્યુઆરી ૨૦૧૯માં સરકારી વીમા કંપની LIC (Life Insurance Corporation) આગળ આવી. LIC એ ૨૧,૬૨૪ કરોડનું મસમોટું રોકાણ કરીને ૫૧% હિસ્સો ખરીદી લીધો અને બેન્કની બહુમતી માલિક બની ગઈ. આ માટે LIC ને નિયમોમાં ફેરફાર કરીને IRDAI પાસેથી ખાસ છૂટ લેવી પડી હતી. એટલે કે, દેશના કરોડો સામાન્ય પોલિસીધારકોની પરસેવાની કમાણી અને બચતના ૨૬,૦૦૦ કરોડથી વધુના નાણાં રોકીને આ બેન્કને મૃત્યુના મુખમાંથી બહાર કાવામાં આવી હતી.

જ્યારે બેન્ક સોનાની ઈંટો જેવી બની ગઈ, ત્યારે વેચવાનો ઘાટ ઘડાયો!

એલઆઈસીના આર્થિક સહારે બે બેઠી થયા બાદ આ બેન્કે પાછું વાળીને જોયું નથી. છેલ્લા ૪ વર્ષથી IDBI બેન્કે રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં બેન્કની કુલ આવક ૩૫,૭૪૪ કરોડ પર પહોંચી ગઈ.

કુલ બિઝનેસ ૬ લાખ કરોડને વટાવી ગયો અને ડિપોઝિટ ૨૩% વધીને ૩.૪૭ લાખ કરોડ થઈ ગઈ.

સપ્ટેમ્બર ૨૦૨૬ના ત્રિમાસિક ગાળામાં જ બેન્કે ૨,૨૨૬ કરોડનો શાનદાર નફો કર્યો.

નાણાકીય વર્ષ ૨૦૨૬માં વાર્ષિક નફો ૯,૫૧૩ કરોડ (નાણાકીય વર્ષ

૨૫માં ૭,૫૧૫ કરોડ) નોંધાયો હતો.

જ્યારે બેન્ક સંપૂર્ણપણે સ્વસ્થ, અત્યંત નફાકારક અને દેશની સૌથી મજબૂત બેન્કો પૈકીની એક બની ગઈ, ત્યારે ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ કેન્દ્ર સરકારે સરકાર અને LIC નો કુલ ૬૦.૭૨% હિસ્સો કેનેડાની જાણીતી કંપની 'ફેરફેક્સ ફાઈનાન્શિયલ હોલ્ડિંગ્સ' (Fairfax Financial) ને ૫૨,૮૭૮ કરોડમાં વેચી દેવાની મંજૂરી આપી દીધી!

નિયમો બદલ્યા, અનામત કિંમત ઘટાડી અને સોદો પાર પાડ્યો!

આ સોદાની પારદર્શિતા સામે સૌથી મોટા સવાલો એટલા માટે ઊભા થઈ રહ્યા છે કારણ કે, વેચાણ પ્રક્રિયા દરમિયાન નિયમોમાં મનસ્વી ફેરફાર કરવામાં આવ્યા હતા. ફેરફેક્સની શરૂઆતની બોલી માત્ર ૭૫ પ્રતિ શેર પર આવી હતી. આ જોઈને ડિસઈન્વેસ્ટમેન્ટ (વિનિવેશ) સાથે જોડાયેલા સચિવોના મુખ્ય જૂથે અચાનક મૂલ્યાંકન પ્રક્રિયામાં ફેરફાર કર્યો અને બોલી લગાવનારાઓ પાસેથી નવી બોલીઓ મંગાવી.

ફેરફેક્સે ૮૧ પ્રતિ શેરની નવી બોલી રજૂ કરી, જે સરકાર દ્વારા નક્કી કરાયેલી ૯૪.૪૨ ની મૂળ અનામત (રિઝર્વ) કિંમત કરતા ઘણી ઓછી હતી. આમ છતાં, સરકારે આ ઓફર સ્વીકારી લીધી અને એટલું જ નહીં, બેન્ક પરના કરમાં પણ રાહતો આપી દીધી!

આશ્ચર્યની વાત તો એ છે કે, આ નિયમ ફેરફાર માટે બ્રિટિશ કાળના 'રેલવે સ્ટોર્સ કોડ'નો સહારો લેવામાં આવ્યો, જેમાં લખ્યું છે કે 'ડેપો ઓફિસર કારણો લેખિતમાં નોંધીને રિઝર્વ કિંમત કરતાં ઓછી બોલી સ્વીકારી શકે છે!' પ્રશ્ન એ થાય છે કે રાષ્ટ્રીય સ્તરની બેન્કના અબજો રૂપિયાના આ મોટા વેચાણમાં રેલવે સ્ટોર્સનો કોડ કેવી રીતે લાગુ કરી શકાય?

દેશની જનતા સામે ઊભા થતા ૫ સળગતા અને મોટા સવાલો:

૧. સરકારે શોર્ટલિસ્ટિંગ અને સીલબંધ બિડ ખોલ્યા બાદ, અચાનક પ્રક્રિયા ફરીથી શરૂ કરીને બિડિંગના મૂળ નિયમોમાં કેમ ફેરફાર કર્યા?

૨. જો નિયમો બદલવામાં આવ્યા હતા, તો અન્ય નવા સંભવિત બિડર્સને આ બદલાયેલા માહોલમાં ભાગ લેવાની તક કેમ ન આપવામાં આવી?

૩. રાષ્ટ્રીય સુરક્ષા કે અન્ય કયા રહસ્યના નામે આ સોદામાં સામેલ બીજા બિડરની ઓળખ અત્યંત ગુપ્ત રાખવામાં આવી છે?

૪. સામાન્ય નાગરિકો અને LIC ના પોલિસીધારકોની મહેનતની બચતથી બેન્કને પુનર્જીવિત કરવામાં આવી, તો પછી તેને પારદર્શક બજાર વેચાણને બદલે ડિસ્ટ્રેસ એક્ઝિટ તરીકે કેમ દર્શાવાઈ?

૫. જે બેન્ક દર વર્ષે હજારો કરોડ રૂપિયાનો મસમોટો નફો રળી રહી છે, તેને આટલા ઓછા મૂલ્યાંકને અને પાણીના ભાવે વેચવા માટે કોણ મજબૂર કરી રહ્યું છે? પાછળનો અસલી એજન્ડા શું છે?

નિષ્કર્ષ:

IDBI બેન્કના આ વિવાદાસ્પદ વેચાણે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે, જ્યારે કોઈ સરકારી સંસ્થા ખોટમાં જાય ત્યારે સામાન્ય જનતા અને પોલિસીધારકોના ટેક્સના કે બચતના પૈસાથી તેને બેઠી કરવામાં આવે છે, પરંતુ જેવી તે નફાકારક બને કે તરત જ તેને કોઈ પારદર્શિતા વગર, પોતાના માનીતા કે પસંદગીના ખાનગી ખરીદદારોના હાથમાં સોંપી દેવામાં આવે છે. જનતાના ભોગે થતા આ ખેલનો હિસાબ દેશ ક્યારેય નહીં ભૂલે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ મહાઘોટાલા અને પ્રજાના હિતો પર તરાપ મારતી નીતિઓ સામે સતત અવાજ ઉઠાવતું રહેશે.

તંત્રી લેખ...

અમેરિકન ચૂંટણી અબજો ડોલરની 'મફત રેવડી'નો અખાડો

વિશ્વની સૌથી શક્તિશાળી લોકશાહી ગણાતા સંયુક્ત રાજ્ય અમેરિકાની ચૂંટણીઓ માત્ર જનાદેશ કે વૈચારિક યુદ્ધ પૂરતી સીમિત નથી રહીત વાસ્તવમાં તે વિશ્વનું સૌથી મોટું, જટિલ અને રહસ્યમય નાણાકીય અખાડો બની ચૂકી છે. વ્હાઈટ હાઉસની ગાદી કે કેપિટોલ હિલની સત્તા સુધી પહોંચવાનો માર્ગ બેલેટ પેપર પર મત અંકિત થાય તે પહેલાં અબજો ડોલરના વ્યવહારોમાંથી પસાર થાય છે. ૩ નવેમ્બરે જ્યારે અમેરિકામાં મીડટર્મ ચૂંટણી થવાની છે અને ટ્રમ્પની વિશ્વસનિયતા દાવ ઉપર લાગી છે ત્યારે સમજવા જેવું એ પણ છે કે, તેની પાછળ ધનકૂબેરોના અબજો ડોલર પણ દાવ ઉપર લાગ્યા છે.

અમેરિકન ચૂંટણી ભંડોળની પાયાની વ્યવસ્થાને સમજવા માટે ફેડરલ ઈલેક્શન કમિશનના કાયદાકીય માળખાને અને તેના ઐતિહાસિક પરિવર્તનોને ઓળખવા પડે. વર્ષો પહેલાં ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને કોર્પોરેટ પ્રભાવને રોકવા માટે નિયમો અત્યંત કડક રાખવામાં આવ્યા હતા. કોઈપણ સામાન્ય નાગરિક પોતાના પસંદગીના ઉમેદવારને સીધેસીધું દાન આપે તો તેના પર કાનૂની મર્યાદા લાદવામાં આવી હતી, જે મુજબ કોઈ એક વ્યક્તિ ચૂંટણી દીઠ વધુમાં વધુ ઈ૩,૫૦૦ જેવી મર્યાદિત રકમ જ પ્રત્યક્ષ રીતે ઉમેદવારના સત્તાવાર ખાતામાં જમા કરાવી શકે. જોકે, ચૂંટણીનો પ્રચાર ટેલિવિઝન, રેડિયો, વિશાળ રેલીઓ અને ખાસ કરીને અત્યાધુનિક ડિજિટલ સ્પેસ સુધી વિસ્તરતાં ઉમેદવારો માટે આ મર્યાદિત રકમ ઊંટના મોંમાં જીરા સમાન બની ગઈ. સત્તાના આકાંક્ષીઓને અબજો ડોલરની જરૂર હતી અને આ જરૂરિયાતને સંતોષવા કાયદાકીય છટકબારીઓનો પાયો નંખાયો.

આ વ્યવસ્થામાં સૌથી મોટો ભૂકંપ વર્ષ ૨૦૧૦માં આવ્યો, જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટે પોતાનો સીમાચિહ્નરૂપ સિટીઝન્સ યુનાઈટેડ વર્સિસ ચુકાદો સંભળાવ્યો. સર્વોચ્ચ અદાલતે બંધારણના પ્રથમ સુધારા હેઠળ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની એવી વ્યાખ્યા કરી કે રાજકીય પ્રચાર પાછળ ખર્ચવામાં આવતા નાણાં પણ એક પ્રકારનું મુક્ત ભાષણ છે. આ ચુકાદાએ કોર્પોરેશનો, ધનિક ઉદ્યોગપતિઓ અને મજૂર યુનિયનો માટે ચૂંટણીઓમાં અમર્યાદિત નાણાં રેડવાના દરવાજા કાયમ માટે ખોલી નાખ્યા. આ કાનૂની ક્રાંતિમાંથી જન્મ થયો એક નવા રાક્ષસી તંત્રનો, જેને આપણે 'સુપર પીએસી' એટલે કે સુપર પોલિટિકલ એક્શન કમિટીઝ તરીકે ઓળખીએ છીએ.

સામાન્ય પોલિટિકલ એક્શન કમિટી અને સુપર પીએસી વચ્ચેનો તફાવત જમીન-આસમાન જેટલો છે. સામાન્ય પીએસીમાં દાન સ્વીકારવાની નિશ્ચિત મર્યાદાઓ હોય છે અને તે ઉમેદવાર સાથે સીધો સંપર્ક રાખી શકે છે. બીજી તરફ, સુપર પીએસી ઉમેદવાર કે તેના પક્ષના સત્તાવાર પ્રચાર સાથે 'સીધું સંકલન' નથી કરી શકતા તેવો કાગળ પર નિયમ છે, પરંતુ બદલામાં તેમને કોઈપણ વ્યક્તિ, કંપની કે ટ્રસ્ટ પાસેથી અમર્યાદિત રકમ એકત્ર કરવાની અને તેને મનફાવે તેમ ખર્ચવાની પૂર્ણ સ્વતંત્રતા મળે છે. સુપર પીએસી ઉમેદવારના પ્રચાર માટે કરોડો ડોલરની ટેલિવિઝન જાહેરાતો ખરીદે છે, વિરોધી ઉમેદવારના ચરિત્ર હનન માટે આક્રમક ઝુંબેશ ચલાવે છે, મતદારોના ડેટા એનાલિટિક્સ માટે અલ્ગોરિધમ્સ તૈયાર કરાવે છે અને ગ્રાઉન્ડ લેવલ પર સેંકડો કેનવાસર્સની સેના ઊભી કરે છે. વ્યવહારમાં ઉમેદવાર અને સુપર પીએસી વચ્ચે માત્ર એક પાતળી કાગળની દીવાલ હોય છે, જેની પાછળ અબજો ડોલરનું અંધાધૂંધ રોકાણ રમતું રહે છે. તાજેતરના ચૂંટણી ચક્રના સત્તાવાર આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો આંખો પહોળી થઈ જાય તેવું ચિત્ર સામે આવે છે. આ ચૂંટણીમાં ટોચના ૫૦ અતિ-ધનવાન દાતાઓ અને પ્રભાવશાળી સંગઠનો દ્વારા જ આશરે ૨.૭૭ અબજ ડોલર જેટલી જંગી રકમ ચૂંટણીના મેદાનમાં ઠાલવવામાં આવી છે. આ પૈકી લગભગ ૬૦ ટકા હિસ્સો, એટલે કે આશરે ૧.૬૭ અબજ ડોલર જેટલું પ્રચંડ ભંડોળ રિપબ્લિકન પાર્ટી અને તેની વિચારધારા સાથે જોડાયેલા સંગઠનોના ખાતામાં ગયું છે. તેની સરખામણીએ ડેમોક્રેટિક પાર્ટી અને ઉદારવાદી જૂથોને લગભગ ૩૦ ટકા હિસ્સો મળ્યો છે, જે આશરે ૮૩.૨ કરોડ ડોલર થાય છે. બાકી બચેલો આશરે ૧૦ ટકા હિસ્સો, જે લગભગ ૨૬.૪ કરોડ ડોલર છે, તે એવા દાતાઓ અને જૂથો તરફથી આવ્યો છે જેઓ બંને પક્ષોને સમાંતર દાન આપે છે અથવા તો ચોક્કસ ઉદ્યોગોના હિતોના રક્ષણ માટે દ્વિપક્ષીય અભિગમ અપનાવે છે.

આ સમગ્ર નાણાકીય માળખાનું વિહંગાવલોકન કરતાં સ્પષ્ટ જણાય છે કે અમેરિકન ચૂંટણીઓ હવે લોકતાંત્રિક પ્રક્રિયા કરતાં પણ વધુ એક વિરાટ 'કોર્પોરેટ ઓક્શન' બની ચૂકી છે. જ્યારે કોઈ સામાન્ય અમેરિકન મોંઘવારી, શિક્ષણ ફી અને મોર્ટગેજના હપ્તા ભરવા સંઘર્ષ કરતો હોય, ત્યારે મુઠ્ઠીભર અબજોપતિઓ કરોડો ડાલરનું રોકાણ કરીને સત્તાના સમીકરણો બદલી રહ્યા છે. લોકશાહીનો મૂળ મંત્ર 'એક વ્યક્તિ, એક મત' નો છે, પરંતુ સુપર પીએસી અને ડાર્ક મનીના આ યુગમાં 'એક ડાલર, એક અવાજ' ની વિકૃત વાસ્તવિકતા પ્રસ્થાપિત થઈ રહી છે.

- ગ્રુપ એડિટર પવન માકન

યુપીમાં રાજકીય ભૂકંપ: મતદાર યાદીમાંથી 1.27 કરોડ હિન્દુ વેરિફાઈડ વોટર્સના નામ ગાયબ હોવાનો CM યોગીનો મોટો દાવો

S.I.R. પ્રક્રિયા સામે ઊભા થયા ગંભીર સવાલો

સ્પેશિયલ રિપોર્ટ - લખનૌ

ઉત્તર પ્રદેશના રાજકારણમાં હાલમાં એક અત્યંત સંવેદનશીલ અને ચોંકાવનારો વિવાદ સામે આવ્યો છે. રાજ્યમાં મતદાર યાદીના ખાસ વિશેષ પુનરીક્ષણ (Special Intensive Revision - S.I.R.) ની પ્રક્રિયા બાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યની મતદાર યાદીમાંથી મોટા પ્રમાણમાં નામ કમી થવા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. ભાજપની પ્રદેશ કારોબારીની બેઠક અને આંતરિક સમીક્ષાઓ દરમિયાન મુખ્યમંત્રીએ મોટો દાવો કર્યો છે કે, રાજ્યની વોટર લિસ્ટમાંથી અંદાજે ૧ કરોડ ૨૭ લાખ હિન્દુ મતદારોના નામ ગાયબ થઈ ગયા છે, જેના કારણે આગામી ચૂંટણીઓમાં ગંભીર રાજકીય નુકસાન થઈ શકે છે.

શહેરી વિસ્તારોની 28 બેઠકો પર જોખમ અને ચૂંટણીલક્ષી રણનીતિ પર મંથન: ભાજપ કાર્યકર્તાઓને 'કમલ સાથી' એપ દ્વારા ઘરે-ઘરે જઈને ફોર્મ ભરવાના કડક નિર્દેશ

જનસંખ્યાના આંકડા અને વાસ્તવિક વોટર લિસ્ટ વચ્ચે મોટો ફાફલો (અંતર)

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આંકડાઓ રજૂ કરતા જણાવ્યું હતું કે, રાજ્યની અંદાજિત જનસંખ્યા અને વસ્તીના આધારે ઉત્તર પ્રદેશમાં કુલ મતદારોની સંખ્યા ૧૬ કરોડથી વધુ હોવી જોઈએ, પરંતુ વર્તમાન સ્થિતિમાં આ આંકડો ઘટીને માત્ર ૧૩ કરોડની આસપાસ જ પહોંચ્યો છે.

સીએમ યોગીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આટલી મોટી સંખ્યામાં નામ કમી થવા પાછળની ગંભીરતા એ છે કે તેનાથી શહેરી વિસ્તારોની અંદાજે ૨૮ જેટલી મહત્વપૂર્ણ નગર નિગમ અને મહાનગરપાલિકાની બેઠકો સીધી રીતે પ્રભાવિત અને કમજોર થઈ રહી છે. આ ઉપરાંત, રાજ્યની લગભગ ૪૩ થી ૪૫ જેટલી વિધાનસભા બેઠકો એવી છે જ્યાં જીત-હારનું માર્જિન ખૂબ જ ઓછું હોય છે, તેથી આ વિસંગતતા ચૂંટણી પરિણામોમાં મોટો ફેરફાર લાવી શકે છે.

કયા વર્ગો અને કઈ ખામીઓ પર ઉઠ્યા સવાલો?

સમીક્ષા બેઠક દરમિયાન એવા તથ્યો પણ સામે આવ્યા છે કે: રાજ્યમાં સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ લેતા અંદાજે ૫૫ લાખથી વધુ લાભાર્થીઓના નામ પણ ચકાસણી દરમિયાન યાદીમાંથી લાપતા કે બાકી રહી ગયા છે.

૧૮ થી ૧૯ વર્ષની વય જૂથના નવા યુવા મતદારો (લગભગ ૪.૫૦ લાખ યુવાનો) કે જેઓ નવા મતદાર બન્યા છે, તેમના નામ પણ અપડેટ લિસ્ટમાં પૂરતી રીતે સામેલ થયા નથી.

આ ઉપરાંત, અન્ય રાજ્યોમાંથી યુપીમાં લગ્ન કરીને પુત્રવધુ કે પત્ની તરીકે આવેલી મહિલાઓના નામ પણ મોટા પ્રમાણમાં કટ થયા હોવાની ફરિયાદો સામે આવી છે.

પાર્ટી નેતૃત્વ અને સંગઠન દ્વારા મોટું અભિયાન શરૂ કરવા આદેશ

આ સ્થિતિને ગંભીરતાથી લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ સાંસદો, ધારાસભ્યો અને સંગઠનના પદાધિકારીઓને કડક નિર્દેશ આપ્યા છે કે તેઓ બેસી ન રહે, પરંતુ તાત્કાલિક ધોરણે 'કમલ સાથી' (Kamal Sathi App) અને બૂથ લેવલ ઓફિસર (BLO) ની મદદથી ઘરે-ઘરે જઈને સર્વે કરે.

જે પાત્ર અને લાયક નાગરિકોના નામ કટ થઈ ગયા છે કે છૂટી ગયા છે, તેમના ફોર્મ-૬ ભરાવીને વહેલી તકે ફરીથી મતદાર યાદીમાં નામ જોડાવવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આગામી સમયમાં આવનારી ડ્રાફ્ટ લિસ્ટ અને ચૂંટણી તૈયારીઓને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીના આ દાવાએ યુપીના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

શાળાની ઘંટડીને વિરામ, મોજમસ્તીના દિવસોનો પ્રારંભ: વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર!

ગુજરાત: શાળાઓમાં અભ્યાસ, પરીક્ષાઓ, હોમવર્ક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની સતત વ્યસ્તતા વચ્ચે હવે વિદ્યાર્થીઓ માટે આનંદના દિવસોનું આગમન થવા જઈ રહ્યું છે. ગુજરાતભરની શાળાઓમાં આગામી ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી વેકેશન જાહેર થતાં વિદ્યાર્થીઓમાં હર્ષોલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી રજાઓની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓ હવે અભ્યાસના નિયમિત સમયપત્રકમાંથી વિરામ મેળવીને મોજમસ્તી અને આનંદની પળો માણવા તૈયાર થયા છે.

વિદ્યાર્થીજીવનમાં શાળાનું સ્થાન જેટલું મહત્ત્વનું છે, એટલું જ મહત્ત્વ રજાઓનું પણ છે. દરરોજ વહેલી સવારે શાળાએ જવાની તૈયારી, વર્ગખંડમાં અભ્યાસ, શિક્ષકોનું માર્ગદર્શન, હોમવર્ક અને વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે વેકેશન બાળકોને માનસિક તાજગી અને નવી ઊર્જા આપે છે. રજાઓનું નામ સાંભળતાં જ બાળકોના ચહેરા પર છવાતો આનંદ તેમના નિર્દોષ બાળપણની સુંદર અભિવ્યક્તિ છે.

રજાઓની રાહ પૂરી, આનંદની નવી શરૂઆત!

વેકેશન દરમિયાન બાળકો માટે અનેકવિધ આયોજન જોવા મળશે. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના વતન અને ગામડાંમાં પરિવારજનોને મળવા જશે, તો કેટલાક પ્રવાસન સ્થળો અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેશે. દાદા-દાદી, નાના-નાની તથા સગાંસંબંધીઓ સાથે સમય વિતાવવાની તક પણ બાળકો માટે વિશેષ આનંદદાયક બનશે. ઘરમાં પરિવાર સાથે રમતો રમવી, મિત્રો સાથે મુલાકાત કરવી, મનપસંદ પુસ્તકો વાંચવાં, ચિત્રકામ કરવું અને નવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવું–આવી અનેક બાબતો વેકેશનને યાદગાર બનાવે છે.

મોજમસ્તીની સાથે સર્જનાત્મકતાને પણ પ્રોત્સાહન!

વેકેશન એટલે માત્ર આરામ કરવાનો સમય નહીં, પરંતુ પોતાની રુચિ અને પ્રતિભાને વિકસાવવાનો અવસર પણ છે. વિદ્યાર્થીઓ ચિત્રકામ, સંગીત, રમતગમત, વાંચન, લેખન અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાઈને પોતાની આંતરિક શક્તિઓને ઉજાગર કરી શકે છે. વાલીઓએ પણ બાળકોને મોબાઈલ અને ટેલિવિઝનથી થોડા દૂર રાખીને પ્રકૃતિ, પુસ્તકો, રમતગમત અને સામાજિક પ્રવૃત્તિઓ તરફ પ્રોત્સાહિત કરવા જોઈએ. વેકેશન દરમિયાન બાળકોને પોતાની પસંદગીની પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળે તો તેમનામાં આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.

શિક્ષકો અને વાલીઓ માટે પણ હાશકારો!

વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો અને વાલીઓ માટે પણ વેકેશન આનંદદાયક સમય લઈને આવે છે. શાળાના નિયમિત શૈક્ષણિક કાર્યમાંથી વિરામ મળતાં શિક્ષકોને પરિવાર સાથે સમય વિતાવવાની અને આગામી શૈક્ષણિક આયોજન અંગે વિચારવાની તક મળે છે. વાલીઓ પણ બાળકો સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરી શકે છે.

નવી ઊર્જા સાથે શાળામાં પરત ફરવાનો સંકલ્પ!

રજાઓનો સાચો આનંદ ત્યારે જ સાર્થક બને છે, જ્યારે તેનો ઉપયોગ આનંદની સાથે જ્ઞાન અને વ્યક્તિત્વ વિકાસ માટે પણ કરવામાં આવે. વેકેશન પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ નવી તાજગી, ઉમંગ અને અભ્યાસ પ્રત્યેના ઉત્સાહ સાથે શાળામાં પરત ફરે તે જરૂરી છે. આશા રાખીએ કે ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધીનો વેકેશનનો સમય ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ માટે આનંદ, મોજમસ્તી, નવીન અનુભવો અને યાદગાર ક્ષણોથી ભરપૂર બની રહે. કારણ કે શાળાની ઘંટડી થોડા દિવસો માટે ભલે શાંત થઈ જાય, પરંતુ બાળપણની ખુશીઓ, મિત્રોની મસ્તી અને પરિવાર સાથે વિતાવેલી પળોની યાદો જીવનભર હૃદયમાં ગુંજતી રહે છે!

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

આસારામની પેરોલ વિવાદનો અંત: રાજસ્થાન હાઈકોર્ટે અવમાનના અરજી ફગાવી, કાનૂની અટકળો પર પૂર્ણવિરામ

ગુજરાત અને દેશભરમાં ભારે ચર્ચા તેમજ રાજકીય-સામાજિક ગલિયારામાં તીખી પ્રતિક્રિયાઓ જગાવનાર બળાત્કારી આસારામની ૨૦ દિવસની પેરોલ મંજૂરીનો વિવાદ આખરે કાનૂની સ્તરે શાંત પડ્યો છે. રાજસ્થાન હાઈકોર્ટે આ સમગ્ર મામલે દાખલ કરાયેલી કોર્ટના અવમાનના (Contempt of Court) અંગેની અરજીનો આખરે આખરી નિકાલ કરી દીધો છે, જેના પગલે ચાલતી તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. શું હતો સમગ્ર વિવાદ? સગીરા પર દુષ્કર્મના અત્યંત ગંભીર અને દેશભરમાં ગાજેલા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામે પોતાની વૃદ્ધાવસ્થા તેમજ હૃદયરોગ સહિતની વિવિધ ગંભીર બિમારીઓની સારવાર માટે અદાલતમાં પેરોલની માંગણી મૂકી હતી. કાનૂની પ્રક્રિયાના ભાગરૂપે રાજસ્થાન હાઈકોર્ટે તેની તબીબી જરૂરિયાતો અને સ્વાસ્થ્યના અહેવાલોને ધ્યાને રાખીને ૨૦ દિવસના કામચલાઉ જામીન એટલે કે પેરોલ મંજૂર કર્યા હતા. આ નિર્ણય સપાટી પર આવતાની સાથે જ પીડિત પક્ષ, સામાજિક સંગઠનો અને કાયદાકીય વર્તુળોમાં ભારે રોષ અને તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. આ નિર્ણય સામે સુરક્ષા અને કાયદાકીય પ્રક્રિયાના ઉલ્લંઘનનો ગંભીર દાવો કરીને હાઈકોર્ટમાં અવમાનના અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં કરાયેલા ગંભીર આક્ષેપો દાખલ કરાયેલી અવમાનના અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પેરોલની મુદત દરમિયાન નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ શકે છે. સાથોસાથ, આ કેસના સંવેદનશીલ સાક્ષીઓ તેમજ પીડિત પરિવારની સુરક્ષા સામે પણ મોટું જોખમ ઊભું થવાની પ્રબળ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. જોકે, અદાલતે આ સમગ્ર પ્રકરણમાં કોઈ પણ ઉતાવળ દાખવ્યા વિના તમામ પાસાઓ, તબીબી અહેવાલો અને કાયદાકીય દલીલોની ખૂબ જ ઝીણવટભરી અને ઊંડાણપૂર્વક ચકાસણી હાથ ધરી હતી. સરકાર અને જેલ પ્રશાસનની સ્પષ્ટતા કોર્ટમાં ચાલુ સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર અને જેલ પ્રશાસન દ્વારા સ્પષ્ટપણે પક્ષ રજૂ કરવામાં આવ્યો હતો કે પેરોલના સમયગાળા દરમિયાન અદાલત દ્વારા ફરમાવવામાં આવેલી તમામ કડક શરતો અને સુરક્ષાના માપદંડોનું અક્ષરસઃ પાલન કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી

પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નિકોલ ખાતે પ્રતિમાને અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ

અખંડ ભારતના શિલ્પી, દેશના પ્રથમ ગૃહમંત્રી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે અત્યંત ઉત્સાહ અને શ્રદ્ધાભેર ઉજવવામાં આવી રહી છે. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં પણ અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા છે. શહેરના નિકોલ વિસ્તાર ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદના નિકોલ વિસ્તારમાં યોજાયેલા આ વિશેષ શ્રદ્ધાંજલિ સમારોહમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ઉપસ્થિત રહીને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી અને પુષ્પગુચ્છ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે તેમની સાથે સ્થાનિક પદાધિકારીઓ, સંગઠનના અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સ્થાનીક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આખો વિસ્તાર 'સરદાર પટેલ અમર રહો' અને 'ભારત માતા કી જય'ના નારાઓથી ગૂંજી ઊઠ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સરદાર સાહેબના દેશ પ્રત્યેના અનન્ય યોગદાનને યાદ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની દ્રઢ ઈચ્છાશક્તિ અને કુશળ રણનીતિના બળે ૫૬૨થી વધુ દેશી રજવાડાંઓનું એકીકરણ કરીને વર્તમાન અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. આજે આપણે જે સુરક્ષિત અને અખંડ ભારત જોઈ રહ્યા છીએ, તેનો સંપૂર્ણ શ્રેય સરદાર સાહેબની લોહિયાળ મહેનત અને અદમ્ય સાહસને જાય છે. તેમણે યુવા પેઢીને આહ્વાન કરતા જણાવ્યું હતું કે, આજના 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે આપણે સૌએ સરદાર સાહેબના રાષ્ટ્રપ્રથમના મંત્રને જીવનમાં ઉતારવો જોઈએ અને દેશની એકતા તથા અખંડિતતા જાળવી રાખવા માટે હંમેશાં કટિબદ્ધ રહેવું જોઈએ.

સસ્તા અનાજના નામે ગરીબોના હક સાથે ચેડાં!

ગુજરાત સરકારની જાહેર વિતરણ વ્યવસ્થાની ગુણવત્તા સામે ગંભીર સવાલો

25 કિલો ઘઉંમાં આશરે 400 ગ્રામ માટીના ઢેફાં, સિમેન્ટના પથ્થર અને ઈંટના ટુકડા નીકળ્યાનો આક્ષેપ; ગરીબ પરિવારોનો સવાલ – અનાજ ખાવાનું કે પથ્થરો દળાવવાના?

વાવ, ત્રિકમ ઠાકોર

સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત દરે અનાજ પૂરું પાડવાની યોજના ચલાવવામાં આવે છે, પરંતુ જો આ યોજનામાં મળતા અનાજની ગુણવત્તા જ કથળેલી હોય તો ગરીબ પરિવારો માટે આ યોજનાનો હેતુ શું રહ્યો? સસ્તા અનાજના નામે ગરીબ પરિવારોના હક સાથે જાણે મજાક થઈ રહી હોય તેવી સ્થિતિ સામે આવી છે.

રેશનકાર્ડ ધારકને મળેલા 25 કિલો ઘઉંમાંથી આશરે 400 ગ્રામ જેટલા માટીના ઢેફાં, સિમેન્ટ જેવા પથ્થરો અને ઈંટની પથરીઓ નીકળ્યાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. ગરીબ પરિવારો મોંઘવારી વચ્ચે બે ટંકનું ભોજન મેળવવા માટે સરકારી અનાજ પર આશા રાખે છે, ત્યારે અનાજની જગ્યાએ આવી ભેળસેળ અને કચરો મળવો એ અત્યંત ગંભીર બાબત છે.

સૌથી મોટો સવાલ એ છે કે ગરીબ પરિવાર આ ઘઉંમાંથી અનાજ અલગ કરે કે પથ્થરો અને ઈંટના ટુકડા દળાવીને લોટ બનાવે? શું ગરીબોના ભાગે આવું અનાજ જ આપવાનું બાકી રહ્યું છે? અનાજની ગુણવત્તાની ચકાસણી કરવાની જવાબદારી કોની છે? ગોડાઉનથી લઈને વિતરણ કેન્દ્ર સુધી અનાજની તપાસ કરવામાં આવે છે કે પછી માત્ર કાગળ પર જ ગુણવત્તાના માપદંડો જળવાય છે?

તંત્ર સમક્ષ ઉઠતા ગંભીર સવાલો : આખરે ગરીબોના હકનું અનાજ આટલી હલકી ગુણવત્તાનું કેવી રીતે પહોંચે છે? જવાબદાર અધિકારીઓ દ્વારા અનાજની ગુણવત્તાની તપાસ કેમ કરવામાં આવતી નથી? જો આવા અનાજનું વિતરણ થઈ રહ્યું હોય તો જવાબદાર અધિકારીઓ અને પુરવઠા વિભાગ સામે કડક કાર્યવાહી ક્યારે થશે?

અખંડ ભારતના શિલ્પીને શ્રદ્ધાંજલિ: 6 હજારથી વધુ નાગરિકોએ દોડ લગાવી સરદાર સાહેબને યાદ કર્યા

ગાંધીનગર

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજ્યંતી નિમિત્તે આજે પાટનગર ગાંધીનગર ખાતે રાષ્ટ્રભાવના અને એકતાનું અદ્ભુત દર્શન કરાવતી એકતા દોડ ભારે ઉત્સાહ સાથે યોજાઈ હતી.

આ રાષ્ટ્રવ્યાપી પર્વની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી અખંડિતતાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. સ્વર્ણિમ પાર્કથી મહાત્મા મંદિર સુધી યોજાયેલી એકતા દોડમાં છ હજાર જેટલા નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ અખંડ ભારતના શિલ્પીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ અવસરે ધારાસભ્ય રીટાબેન પટેલ અને જિલ્લા કલેક્ટર રવિન્દ્ર ખતાલેના હસ્તે ફ્લેગ ઓફ આપીને સ્વર્ણિમ પાર્કથી મહાત્મા મંદિર સુધીની આ ભવ્ય એકતા દોડનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ પાર્કથી પ્રસ્થાન થઈને ગાંધીનગરના મુખ્ય માર્ગોની શોભા વધારતી આ દોડ મહાત્મા મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. આ તકે સરદાર પટેલ અમર રહે અને ભારત માતા કી જયના ગગનભેદી નારાઓ સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. રાષ્ટ્રપ્રેમની ઉર્જા ઉજાગર કરતા આ એકતા પર્વમાં આશરે 6,000 જેટલા મહાનુભાવો અને નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહભાગીઓએ દેશની અખંડિતતા, એકતા તેમજ સાર્વભૌમત્વની અખંડ જાળવણી માટે દ્રઢ નિશ્ચય સાથે સામૂહિક સંકલ્પો લીધા હતા.

સોમનાથ મંદિર આસપાસ નોનવેજ વેચાણ પરના પ્રતિબંધ ઉપર હાઇકોર્ટની લાલ આંખ!

ગાંધીનગર

રાજ્ય સરકારને મોટો આંચકો આપતા ગુજરાત હાઈકોર્ટે સોમનાથ મંદિરના આસપાસના વિસ્તારમાં માસ, મટન અને નોનવેજ વેચાણ પર લાદવામાં આવેલા પ્રતિબંધને રદ કરવાનો ઐતિહાસિક અને મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આ વિવાદિત જાહેરનામાને કાનૂની રીતે અયોગ્ય ઠેરવીને હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે આ નિર્ણય લોકોની રોજીરોટી અને આજીવિકાના મૂળભૂત અધિકાર સાથે સીધો જોડાયેલો પ્રશ્ન છે.

આ સમગ્ર વિવાદની વાત કરીએ તો, રાજ્ય સરકારે

સોમનાથ મંદિર પરિસર અને તેની આસપાસના ચોક્કસ ત્રિજ્યા ધરાવતા વિસ્તારમાં ધાર્મિક આસ્થા અને પવિત્રતા જાળવવાના નામે નોનવેજ અને માંસાહારી વાનગીઓના વેચાણ પર સંપૂર્ણ બાન કે પ્રતિબંધ લાદતું જાહેરનામું બહાર પાડ્યું હતું. સરકારના આ નિર્ણયના કારણે વર્ષોથી આ વિસ્તારમાં નોનવેજ અને સી-ફૂડનો વેપાર કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા સ્થાનિક નાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને ફેરિયાઓની આજીવિકા પર સીધો ઘા વાગ્યો હતો.

સરકારના આ આદેશ સામે વેપારીઓ અને પીડિત પક્ષે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. કાનૂની લડાઈ દરમિયાન પિટીશનર તરફથી દલીલ કરવામાં આવી હતી કે ભારતીય સંવિધાન દરેક નાગરિકને સન્માનપૂર્વક જીવવાનો અને કાયદેસરનો વેપાર કે રોજગાર કરવાનો મૂળભૂત અધિકાર આપે છે. અચાનક લાદવામાં આવેલા આવા પ્રતિબંધથી સોમનાથ વિસ્તારના અનેક પરિવારો બેરોજગાર બની ગયા છે અને તેમના મુખમાંથી રોટલો છીનવાઈ ગયો છે.

હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો અને કાનૂની પાસાઓની ગહન સુનાવણી કર્યા બાદ સરકારના જાહેરનામાને ફગાવી દીધું હતું. અદાલતે સખત વલણ અપનાવતા અવલોકન કર્યું હતું કે ધાર્મિક આસ્થાનું મહત્વ પોતાની જગ્યાએ છે, પરંતુ તેના નામે સ્થાનિક લોકોની રોજીરોટી અને રોજગાર છીનવી શકાય નહીં. બંધારણીય અધિકારોનો હવાલો આપતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે લોકોની આજીવિકાનો પ્રશ્ન સૌથી ઉપરી છે અને કાયદાની મર્યાદા બહાર જઈને આવા પ્રતિબંધો લાદી શકાય નહીં.

ગાંધીનગર પોલીસની ખોટી ઓળખ આપી અપહરણ કરી રૂ.3.4 લાખની ખંડણી વસૂલતા ચાર ઝડપાયા

સુરત

સરથાણા પોલીસે ગાંધીનગર પોલીસની ખોટી ઓળખ આપી અપહરણ કરી ખંડણી વસૂલવાના ગંભીર ગુનામાં ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. સરથાણા મહાવીર ચોક સ્થિત ધ ગેલેરિયા પાસે આરોપીઓએ ફરિયાદીને પોતે ગાંધીનગર પોલીસમાંથી હોવાની ઓળખ આપી ગેરકાયદેસર ધંધો કરવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે રૂ.૫૦ લાખની માંગણી કરી હતી અને પૈસા નહીં આપે તો મોટો કેસ કરીને જેલમાં મોકલી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ આરોપીઓ ફરિયાદી અને સાહેદોનું સફેદ કલરની ઈનોવા કારમાં અપહરણ કરી લઈ ગયા હતા. ફરિયાદી પાસેથી બળજબરીપૂર્વક રૂ.૪ લાખ પડાવી લીધા હતા. બનાવ અંગે સરથાણા પોલીસ

સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. સરથાણા પોલીસે સર્વેલન્સ અને ટેકનિકલ તપાસના આધારે દક્ષભાઈ કાંતિભાઈ હરાણી, યશભાઈ ઉર્ફે નીમેશ બારૈયા, સાહિલ લક્ષ્મણભાઈ પરમાર અને રોનકકુમાર દશરથકુમાર ગૌસ્વામીની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૫ લાખની ઈનોવા કાર, રૂ.૭૦ હજારના ચાર મોબાઈલ ફોન અને રૂ.૨ લાખ રોકડ મળી કુલ રૂ.૧૭.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ક્રિસમસમાં કાર્નિવલની જેમ દિવાળીમાં પણ

કાંકરિયા દીપોત્સવ યોજવા કોંગ્રેસની માગ, કમિશનરને લખ્યો પત્ર

અમદાવાદ

અમદાવાદમાં કોંગ્રેસે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી દિવાળી પર્વ દરમિયાન કાંકરિયા ખાતે 5-6 દિવસીય 'દિવાળી દીપોત્સવ મહોત્સવ' યોજવાની માંગ કરી છે. પ્રદેશ મહામંત્રી રાજેશ ટી. સોનીએ ક્રિસમસ કાર્નિવલની જેમ જ તળાવને લાખો દીવડાઓ અને રોશનીથી શણગારી, સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે નાગરિકોને નિઃશુલ્ક પ્રવેશ આપવા રજૂઆત કરી છે, જેથી શહેરવાસીઓ દિવાળીનો આનંદ માણી શકે.

અમદાવાદમાં ક્રિસમસના તહેવાર દરમિયાન કાંકરિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે, તેવી જ રીતે દિવાળીના પર્વમાં પણ કાંકરિયા ખાતે ભવ્ય દીપોત્સવ મહોત્સવ યોજવાની માગ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ મહામંત્રી રાજેશ ટી. સોનીએ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીને પત્ર લખીને દિવાળીના તહેવાર દરમિયાન પાંચથી છ દિવસનો 'દિવાળી દીપોત્સવ મહોત્સવ' યોજવા રજૂઆત કરી છે. આ આયોજનમાં કાંકરિયા તળાવને લાખો દીવડાઓ અને આકર્ષક રોશનીથી શણગારવાની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાની માગ કરવામાં આવી છે.

કોંગ્રેસની રજૂઆત મુજબ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબી જથી લઈને લાભપાંચમ સુધીના દિવસોમાં કાંકરિયા ખાતે આ મહોત્સવ યોજવો જોઈએ. તેમાં જાણીતા કલાકારો અને ગાયકોના કાર્યક્રમો, લોકસંગીત તથા બાળકો અને પરિવારો માટે મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરવાની માગ કરાઈ છે. ક્રિસમસ કાર્નિવલની જેમ આ મહોત્સવમાં પણ તમામ નાગરિકો માટે પ્રવેશ સંપૂર્ણ નિઃશુલ્ક રાખવાની રજૂઆત કરવામાં આવી છે.

કોર્પોરેશન દ્વારા દર વર્ષે ક્રિસમસ દરમિયાન કાંકરિયા કાર્નિવલનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. તેમાં જાણીતા કલાકારો અને ગાયકોને બોલાવવામાં આવે છે તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. ત્યારે દિવાળી જેવા મોટા તહેવાર દરમિયાન પણ અમદાવાદના નાગરિકો માટે આ પ્રકારનો મહોત્સવ યોજવો જોઈએ. દિવાળીની સાચી ભેટ તરીકે શહેરના લોકોને પોતાના જ શહેરમાં પરિવાર સાથે તહેવારની ઉજવણી કરવાની તક મળવી જોઈએ.

લગ્ન નોંધણીનો રૂ. 1500નો ફાળો વસૂલવાનો ઠરાવ રદ: માણસા નગર પાલિકાની સામાન્ય સભામાં નિર્ણય

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા નગરપાલિકાએ લગ્ન નોંધણી કરાવવા આવતા અરજદારો પાસેથી વૃક્ષારોપણના નામે રૂ. 1500 લેવાનો અગાઉનો ઠરાવ રદ કર્યો છે. લોકોના વિરોધ અને કોંગ્રેસની રજૂઆત બાદ સામાન્ય સભામાં આ નિર્ણય લેવાયો. અગાઉના ઠરાવ મુજબ લગ્ન નોંધણી માટે આવતા નાગરિકો પાસેથી રૂ. 1500નો ફાળો લેવામાં આવતો હતો. આ મુદ્દે તાજેતરમાં નગરપાલિકાની સામાન્ય સભામાં ચર્ચા થવાની હતી. કોંગ્રેસનાં નગરસેવિકા નીલાબેન ધોળી અને શહેર કોંગ્રેસ પ્રમુખ મહિપાલસિંહ વાઘેલાએ વસૂલાતનો વિરોધ કર્યો હતો. તેમણે નગરપાલિકાને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે લગ્ન નોંધણી નાગરિકોનો કાયદાકીય અધિકાર છે, વેપારી પ્રવૃત્તિ નથી. વૃક્ષારોપણના નામે નાગરિકો પર વધારાનો આર્થિક બોજ નાખવો યોગ્ય નથી. આવેદનપત્રમાં વૃક્ષારોપણ માટે નગરપાલિકાના બજેટમાંથી નાણાં ફાળવવાની માગ કરાઈ હતી. કોંગ્રેસના આગેવાનોએ લગ્ન નોંધણી સાથે વધારાનો ફાળો જોડતો ઠરાવ રદ કરવાની અને ભવિષ્યમાં આવી વસૂલાત ન કરવાની માગ કરી હતી.

છોટાઉદેપુર LCB ની મોટી કાર્યવાહી: રંગપુર નાકા પરથી ટાટા સિએરા ગાડી અને

₹4.80 લાખના વિદેશી દારૂ સાથે ₹14.80 લાખનો મુદ્દામાલ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે એસપી ઈમ્તીયાઝ શેખ દ્વારા અપાયેલી કડક સૂચનાઓના પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને વધુ એક મોટી સફળતા મળી છે. એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ પોલીસે રંગપુર નાકા પરથી લાખો રૂપિયાના વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી છે. છોટાઉદેપુર LCB સ્ટાફ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશ તરફથી સુરખેડા થઈ એક ફોરેસ્ટ ગ્રીન કલરની ટાટા સિએરા ગાડી (નંબર: MP-13-AK-5771) ગેરકાયદે વિદેશી દારૂ ભરીને છોટાઉદેપુર તરફ આવી રહી છે. બાતમીના આધારે પોલીસે રંગપુર નાકા પર રોડ નાકાબંધી ગોઠવી વોચ રાખી હતી. શંકાસ્પદ ગાડી આવતા જ પોલીસે તેને કોર્ડન કરી હતી. આ દરમિયાન કારનો ચાલક નીચે ઉતરી ભાગવા જતાં જમીન પર પટકાતા પોલીસે તેને દબોચી લીધો હતો, જ્યારે બાજુમાં બેઠેલો અન્ય એક શખ્સ

અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. તપાસ દરમિયાન ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 1,860 બોટલો મળી આવી હતી, જેની કિંમત 4,80,180/- થાય છે. આ સાથે દારૂની હેરાફેરીમાં વપરાયેલી 10 લાખની ટાટા સિએરા ગાડી મળીને પોલીસે કુલ 14,80,180/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલ આરોપી: મનીષભાઈ રમેશભાઈ ભોમરાજ (ઉં.વ. 24, હાલ રહે. ઈન્દોર, મૂળ રહે. ખંડવા, મધ્યપ્રદેશ), વોન્ટેડ આરોપીઓ: ભાયલાભાઈ (રહે. શરદી, તા.જિ. અલીરાજપુર, એમ.પી.) - સ્થળ પરથી નાસી છૂટેલ, ગોવિંદભાઈ તોમર (રહે. શરદી, તા.જિ. અલીરાજપુર, એમ.પી.) - મુદ્દામાલ ભરી આપનાર, રમેશભાઈ ઉર્ફે શિનુ ભારશીંગ ચૌહાણ (રહે. ધનોરા, તા. સેંધવા, જિ. અલીરાજપુર, એમ.પી.) - મુદ્દામાલ ભરી આપનાર પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી ફરાર ત્રણેય આરોપીઓને ઝડપી પાડવા કાયદેસરની તપાસ તેજ કરી છે.

વડોદરામાં આઈટી પ્રોફેશનલ સાથે કરોડપતિ બનવાની લાલચમાં મોટો ફ્રોડ

સ્ટોક માર્કેટના નામે રૂપિયા 13.63 લાખ પડાવ્યા, 96 લાખનું ફેક બેલેન્સ જોઈને પગ નીચેથી જમીન સરકી

વડોદરા

ગુજરાતમાં સાયબર ક્રાઈમના રાક્ષસી સંકેતો દિન-પ્રતિદિન વધુ ભયાનક બની રહ્યા છે. વડોદરા શહેરમાંથી ટેક્નોલોજી ક્ષેત્રે જોડાયેલા એક હોશિયાર આઈટી યુવકને સાયબર ઠગાઈ કરનારાઓએ પોતાની જાળમાં ફસાવીને મોટો આર્થિક ચૂનો લગાવ્યો હોવાની સનસનીખેઝ ઘટના સામે આવી છે. સ્ટોક માર્કેટમાં રોકાણ કરી અધધ નફો રળવાની લાલચ આપીને તેજસ્વી આઈટી યુવક સાથે પૂરા ૧૩.૬૩ લાખની માતબર રકમની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી છે. આ મામલે ભોગ બનનાર યુવકે આખરે સાયબર ક્રાઈમ સેલના દરવાજા ખટખટાવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનમાં રહેતા કેવલ ઉમરિયા નામના યુવક વ્યવસાયે આઈટી (IT) કંપનીમાં નોકરી કરે છે. ટેક્નોલોજીનું જ્ઞાન ધરાવતા હોવા છતાં આ સાયબર શિયાળાઓએ એવી માયાજાળ રચી કે કેવલભાઈ તેમાં સપડાઈ ગયા.

ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે કેવલ ઉમરિયાના મોબાઈલ ફોન પર અચાનક જ એક મેસેજ આવ્યો, જેમાં પોતાને નિષ્ણાત 'સ્ટોક માર્કેટ એડવાઈઝર' તરીકે ઓળખાવતા શખ્સે શેરબજારમાં ટ્રેડિંગ કરી મબલખ વળતર મેળવવાની આકર્ષક સ્કીમ રજૂ કરી. ઠગોએ ખૂબ જ પ્રોફેશનલ અંદાજમાં યુવકને એક ખાસ વ્હોટ્સએપ ગ્રૂપ કે લિંક સાથે જોડ્યો, જ્યાં અન્ય લોકો રોકાણ કરીને લાખો રૂપિયા કમાઈ રહ્યા હોવાનો ડોળ કરવામાં આવતો હતો.

ઠગોએ પોતાની જાળમાં શિકારને મજબૂત રીતે ફસાવવા માટે પહેલો દાવ ખેલ્યો. શરૂઆતમાં કેવલભાઈ પાસે ખૂબ જ નાની રકમનું રોકાણ કરાવવામાં આવ્યું. આ નાની રકમના બદલામાં તેમને ટૂંકા સમયમાં જ શાનદાર નફો અને વળતર ઓનલાઈન એકાઉન્ટમાં જમા થતું બતાવવામાં આવ્યું. ઠગોની આ ચાલાકીથી યુવકનો વિશ્વાસ સંપૂર્ણપણે બેસી ગયો કે આ પ્લેટફોર્મ એકદમ અસલી અને સુરક્ષિત છે.

અમદાવાદના મકરબા-કોર્પોરેટ રોડ બ્રિજ નીચે ટ્રાફિકના ગૂંચવાડા અને અકસ્માતોનો કાયમી અંત

અમદાવાદ

શહેરના અત્યંત વ્યસ્ત અને આધુનિક ગણાતા મકરબા અને કોર્પોરેટ રોડને જોડતા ઓવરબ્રિજના છેડે આવેલા ચાર રસ્તા પર દરરોજ સર્જાતી ટ્રાફિકની વિકટ સમસ્યા અને જીવલેણ અકસ્માતોની ભીતિ પર આખરે બ્રેક વાગવા જઈ રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વાહનચાલકોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને આ પોઈન્ટ પર આધુનિક ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ કાર્યરત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

અગાઉ આ પોઈન્ટ પર ટ્રાફિકને નિયંત્રિત કરવાના હેતુથી ગોઠવવામાં આવેલી 'કેપ્સુલ સિસ્ટમ' વાહનોના સુચારુ સંચાલનમાં નિષ્ફળ નિવડી હતી અને વાહનચાલકો માટે મોટી શિરદર્દ સમાન બની ગઈ હતી. કેપ્સુલ સિસ્ટમને કારણે સામેના રોડ પર જવું હોય કે માર્ગાંતર (યુ-ટર્ન) લેવો હોય, વાહનચાલકોએ બિનજરૂરી રીતે લાંબો ફેરો મારવો પડતો હતો. આ ચક્કરમાં દરરોજ હજારો લોકોના સમય અને કિંમતી ઈંધણનો વ્યય થતો હતો. આટલું જ નહીં, ફેરો બચાવવાની ઉતાવળમાં અનેક વાહનચાલકો રોંગ સાઈડમાં ઘુસી જતા હતા, જેના કારણે દરરોજ અંદરોઅંદર ઘર્ષણ થતું હતું અને ગંભીર અકસ્માતોનો ખતરો સતત મંડરાતો રહેતો હતો.

પીક અવર્સ દરમિયાન આ વિસ્તારમાં વાહનોની લાંબી કતારો લાગી જતી હતી અને માર્ગીય સલામતી માટે મોટો પ્રશ્ન ઊભો થયો હતો.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને અમદાવાદ ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા AMC સમક્ષ અવારનવાર યોગ્ય રજૂઆતો કરવામાં આવી હતી.

પૂરક ચાર્જશીટમાં નોરા ફતેહીનું નામ સાક્ષી તરીકે સામેલ

સુકેશ ચંદ્રશેખર કેસમાં નોરા ફતેહીની મુશ્કેલી વધી! દિલ્હી કોર્ટમાં હાજર થવા આદેશ

મુંબઈ

અભિનેત્રી અને ડાન્સર નોરા ફતેહીની મુશ્કેલીઓ વચ્ચે દિલ્હી કોર્ટ તરફથી મહત્વનો આદેશ આવ્યો છે. ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા રૂપિયા 200 કરોડના ખંડણી કેસમાં નોરા ફતેહીને સરકારી પક્ષના સાક્ષી તરીકે હાજર રહેવા સમન્સ પાઠવવામાં આવ્યું છે. દિલ્હી સ્થિત રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા તેને 2 નવેમ્બર, 2026ના રોજ કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પૂરક ચાર્જશીટમાં નોરા ફતેહીનું નામ સાક્ષી તરીકે સામેલ મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, આ કેસમાં દાખલ કરવામાં આવેલી ત્રીજી પૂરક ચાર્જશીટમાં નોરા ફતેહીનું નામ સાક્ષી તરીકે સામેલ કરવામાં આવ્યું છે. ચાર્જશીટમાં તેને સાક્ષી તરીકે દર્શાવવામાં આવી છે. આ મામલે નોરાને કોર્ટમાં હાજર રહી કેસ સંબંધિત માહિતી અને પોતાનું નિવેદન રજૂ કરવાનું રહેશે. જોકે, સમન્સ અંગે અભિનેત્રી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

નોરાએ સુકેશ સાથે અફેર હોવાના દાવાઓને ખોટા ગણાવ્યા. તાજેતરમાં એક પોડકાસ્ટમાં નોરાએ આ વિવાદ અંગે વાત કરતાં સુકેશ સાથે અફેર હોવાના દાવાઓને ખોટા ગણાવ્યા હતા. તેણે પોતે આ કેસમાં પીડિત હોવાનો દાવો કર્યો હતો. નોરાના જણાવ્યા અનુસાર, સુકેશ અને તેની પત્નીએ તેને મોંઘી ભેટો આપી હતી, પરંતુ તે સમયે તેને સુકેશની વાસ્તવિકતા વિશે જાણ નહોતી. આ મુદ્દે વાત કરતી વખતે અભિનેત્રી ભાવુક પણ થઈ હતી. સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા આ રૂપિયા 200 કરોડના ખંડણી કેસમાં નોરા ફતેહીને હવે કોર્ટમાં સાક્ષી તરીકે હાજર રહેવાનું છે. અભિનેત્રી અને ડાન્સર નોરા ફતેહીની મુશ્કેલીઓ વચ્ચે દિલ્હી કોર્ટ તરફથી મહત્વનો આદેશ આવ્યો છે. ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા રૂપિયા 200 કરોડના ખંડણી કેસમાં નોરા ફતેહીને સરકારી પક્ષના સાક્ષી તરીકે હાજર રહેવા સમન્સ પાઠવવામાં આવ્યું છે. દિલ્હી સ્થિત રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા તેને 2 નવેમ્બર, 2026ના રોજ કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પૂરક ચાર્જશીટમાં નોરા ફતેહીનું નામ સાક્ષી તરીકે સામેલ મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, આ કેસમાં દાખલ કરવામાં આવેલી ત્રીજી પૂરક ચાર્જશીટમાં નોરા ફતેહીનું નામ સાક્ષી તરીકે સામેલ કરવામાં આવ્યું છે. ચાર્જશીટમાં તેને સાક્ષી તરીકે દર્શાવવામાં આવી છે.

જોકે, સમન્સ અંગે અભિનેત્રી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી

લાવણી શીખવા દરમિયાન શ્રદ્ધાને થઈ હતી ઈજા

ફિલ્મના દિગ્દર્શક લક્ષ્મણ ઉટેકરે પણ લાવણીને અસલ અંદાજમાં રજૂ કરવા માટે કરવામાં આવેલી તૈયારીઓ વિશે જણાવ્યું હતું

મુંબઈ

અભિનેત્રી શ્રદ્ધા કપૂર પોતાની આગામી ફિલ્મ 'ઈઠા'ને લઈને ચર્ચામાં છે. મહારાષ્ટ્રની જાણીતી લોકકલાકાર વિઠાબાઈ ભાઉ માંગ નારાયણગાંવકરની ભૂમિકામાં જોવા મળનારી શ્રદ્ધાએ ફિલ્મ માટે લાવણી નૃત્યની ખાસ તાલીમ લીધી છે. જોકે, આ તૈયારી દરમિયાન તેને મસલ્સમાં ઈજા થઈ હતી અને શૂટિંગ પણ થોડા સમય માટે રોકવું પડ્યું હતું. મુંબઈના દાદર સ્થિત પ્લાઝા સિનેમામાં ફિલ્મના ટ્રેલર લોન્ચ દરમિયાન શ્રદ્ધાએ આ અનુભવ શેર કર્યો હતો. શ્રદ્ધાએ જણાવ્યું કે 'ઈઠા' માટે તેને એકદમ નવી દુનિયાને સમજવાની તક મળી હતી. આ દરમિયાન તે અનેક રસપ્રદ લોકોને મળી અને મહારાષ્ટ્રની લોકકલાને નજીકથી જાણી શકી હતી. જોકે, લાવણી ડાન્સ શીખવો તેના માટે સરળ નહોતો. શૂટિંગ દરમિયાન સેટ પર નૃત્ય કરતી વખતે તેને મસલ્સમાં ખેંચાણ અને ઈજા થઈ હતી. તેના કારણે શૂટિંગ અટકાવવું પડ્યું હતું. ટીમે તેની ખૂબ કાળજી લીધી અને સહયોગ આપ્યો, જેના કારણે સ્વસ્થ થયા બાદ તેઓ ફરીથી શૂટિંગમાં પરત ફરી શક્યાં હતાં. ફિલ્મના દિગ્દર્શક લક્ષ્મણ ઉટેકરે પણ લાવણીને અસલ અંદાજમાં રજૂ કરવા માટે કરવામાં આવેલી તૈયારીઓ વિશે જણાવ્યું હતું. તેણે ફિલ્મની ટીમ માટે જાણીતી અને અનુભવી લાવણી નૃત્યાંગના શકુંતલા નાગરકરને આમંત્રિત કરી હતી. તેની સાથે સમગ્ર ટીમે એક સપ્તાહની વર્કશોપ કરી હતી. આ વર્કશોપમાં લાવણીની અદાઓ, નજાકત અને પરંપરાગત નૃત્યશૈલીને સમજવા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. ઉટેકરે સ્પષ્ટ કર્યું હતું કે 'ઈઠા' વિઠાબાઈ નારાયણગાંવકરની જીવનકથા પર આધારિત સીધી બાયોપિક નથી.

'શૂટઆઉટ એટ વડાલા'ના દિગ્દર્શક સંજય ગુપ્તાનું નિધન, બોલિવૂડમાં શોક

સંજય ગુપ્તાનું નિધન બાથરૂમમાં પડી જવાથી થયેલી માથાની ઈજાને કારણે થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે

મુંબઈ

બોલિવૂડના જાણીતા ફિલ્મ દિગ્દર્શક અને નિર્માતા સંજય ગુપ્તાનું મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાને નિધન થયું છે. 'કાંટે', 'શૂટઆઉટ એટ વડાલા', 'કાબિલ' જેવી ફિલ્મો દ્વારા પોતાની અલગ ઓળખ બનાવનારા સંજય ગુપ્તાના અચાનક અવસાનથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લાગણી ફેલાઈ છે. તેમના નિધનના સમાચાર ફિલ્મ નિર્માતા અશોક પંડિતે સોશિયલ મીડિયા મારફતે આપ્યા હતા.

અહેવાલો અનુસાર, સંજય ગુપ્તાનું નિધન બાથરૂમમાં પડી જવાથી થયેલી માથાની ઈજાને કારણે થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જોકે, તેમના મૃત્યુની ચોક્કસ પરિસ્થિતિ અંગે હજુ તપાસ ચાલી રહી છે. તેમના નિધનના સમાચારથી ચાહકો અને ફિલ્મજગતના સાથી કલાકારોમાં દુઃખની લાગણી જોવા મળી રહી છે.

અશોક પંડિતે સંજય ગુપ્તાને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે, તેમના નિધનના સમાચાર અત્યંત આઘાતજનક અને દુઃખદ છે. તેઓ ઉત્તમ વાર્તાકાર, ઉત્તમ વ્યક્તિત્વ ધરાવતા અને સિનેમા પ્રત્યે અત્યંત ઉત્સાહી ફિલ્મમેકર હતા. અશોક પંડિતે તેમના મોતને ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મોટી ખોટ ગણાવી અને તેમના પરિવારજનો તથા નજીકના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

કેઆરકેએ પણ સંજયના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કરતા એક્સ પર લખ્યું, 'આરઆઈપી સંજય ભાઈ. સંજયનું મૃત્યુ તેમના માટે માનવામાં ન આવે તેવી વાત છે. દર બીજા દિવસે તેઓ ફિલ્મો અને બોલિવૂડ વિશે ચર્ચા કરતા હતા, તેઓ તેમને ખૂબ પ્રેમ કરે છે અને તેમને દરરોજ યાદ કરશે.' વર્ષ 2002માં આવેલી 'કાંટે' તેમના કરિયરની મહત્વપૂર્ણ ફિલ્મ બની હતી. આ ફિલ્મે ગેંગસ્ટર અને ક્રાઈમ થ્રિલર શૈલીમાં તેમની આગવી ઓળખ મજબૂત કરી હતી.



'જેલર 2'એ 'ગદર 2'ને પાછળ છોડી, 'દૃશ્યમ 3' રૂપિયા 600 કરોડની નજીક

'ધુરંધર 2'ને બાદ કરતાં 'જેલર 2' વર્ષ 2026ની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની છે

મુંબઈ

સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ 'જેલર 2' બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી સાથે નવા રેકોર્ડ બનાવી રહી છે. આ ફિલ્મે 'ગદર 2'ના વર્લ્ડવાઈડ કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે. 'ધુરંધર 2'ને બાદ કરતાં 'જેલર 2' વર્ષ 2026ની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની છે, અને અત્યાર સુધીની સૌથી સફળ તમિલ ફિલ્મોમાં પણ ટોચે પહોંચી છે.

એક અહેવાલ મુજબ, 'જેલર 2'એ રિલીઝના 16મા દિવસે ભારતમાં રૂપિયા 5.50 કરોડનું નેટ કલેક્શન કર્યું હતું. આ સાથે ફિલ્મની કુલ ભારતીય નેટ કમાણી રૂપિયા 435.40 કરોડ થઈ છે. વિદેશી બજારમાં ફિલ્મે અત્યાર સુધી રૂપિયા 267.50 કરોડનું કલેક્શન કર્યું છે, જ્યારે વિશ્વભરની કુલ કમાણી રૂપિયા 776.95 કરોડ પર પહોંચી છે. બીજી તરફ, 'ગદર 2'એ 16 દિવસમાં રૂપિયા 439.95 કરોડ અને વિશ્વભરમાં આશરે રૂપિયા 573.63 કરોડની કમાણી કરી હતી. રજનીકાંતની ફિલ્મે વૈશ્વિક કમાણીના મામલે આ આંકડો પાર કર્યો છે.

અજય દેવગનની ફિલ્મ 'દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન' પણ બોક્સ ઓફિસ પર પોતાની મજબૂત પકડ જાળવી રહી છે. સિનેમાઘરોમાં આ ફિલ્મે શુક્રવારે 29મા દિવસે આશરે રૂપિયા 1 કરોડની કમાણી કરી હતી. આ સાથે ફિલ્મનું ભારત નેટ કલેક્શન રૂપિયા 374 કરોડ થઈ ગયું છે, જ્યારે વિશ્વભરની કુલ કમાણી રૂપિયા 580.22 કરોડ સુધી પહોંચી છે. બીજી તરફ, આયુષ્માન ખુરાનાની ફિલ્મ 'ઉડતા તીર' પણ બોક્સ ઓફિસ પર ધીમે ધીમે આગળ વધી રહી છે. સિનેમાઘરોમાં આઠ દિવસ પૂર્ણ કરનારી ફિલ્મે આઠમા દિવસે આશરે રૂપિયા 2.85 કરોડનું કલેક્શન કર્યું હતું. આ સાથે ફિલ્મની ભારત નેટ કમાણી રૂપિયા 33.75 કરોડ અને વિશ્વભરની કુલ કમાણી રૂપિયા 50.03 કરોડ થઈ છે. શરૂઆતની સરખામણીએ ફિલ્મનો બિઝનેસ ધીમો હોવા છતાં તે સતત કમાણી કરી રહી છે.

સંજય દત્તનો ભાવુક સંકલ્પ: મિત્ર સંજય ગુપ્તાનું અધૂરું સપનું પૂરું કરશે, કાંટે 2' બનાવવાનું આપ્યું વચન

મુંબઈ

ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક સંજય ગુપ્તાના નિધનથી બોલિવૂડમાં શોકની લાગણી ફેલાઈ છે. તેમના નજીકના મિત્ર અને અભિનેતા સંજય દત્તે સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ લખીને શ્રદ્ધાંજલિ આપી છે. સાથે જ તેણે સંજય ગુપ્તાના અધૂરા સપનાને સાકાર કરવાનું વચન આપ્યું છે. સંજય દત્તે સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાના મિત્રની યાદમાં ફિલ્મ 'કાંટે 2' બનાવશે. અહેવાલ અનુસાર, સંજય ગુપ્તા વર્ષ 2002માં આવેલી પોતાની લોકપ્રિય ફિલ્મ 'કાંટે'ની સિક્વલ બનાવવાની યોજના પર કામ કરી રહ્યા હતા. આ ફિલ્મમાં ફરી એકવાર સંજય દત્ત સાથે કામ કરવાની તેમની ઈચ્છા હતી. બંને કલાકારો વચ્ચે ફિલ્મની વાર્તા અને આગળની યોજના અંગે ચર્ચા પણ ચાલી રહી હતી.

જોકે, સંજય ગુપ્તાના અચાનક નિધનને કારણે તેમનું આ સપનું અધૂરું રહી ગયું છે. સંજય દત્તે સંજય ગુપ્તા સાથેની જૂની તસવીરો શેર કરતાં લખ્યું કે, 'મારા ભાઈ. તું હવે નથી રહ્યો એ વાત પર હજુ વિશ્વાસ નથી થતો. આપણે સાથે ઘણો સમય વિતાવ્યો, અનેક યાદો અને વર્ષોની મિત્રતા છે. તું હંમેશાં મારા પરિવારનો હિસ્સો રહ્યો છે અને હંમેશાં રહીશ.' તેણે મિત્ર સાથેની વાતચીત અને સાથે વિતાવેલી પળોને યાદ કરીને દુઃખ વ્યક્ત કર્યું હતું. અભિનેતાએ વધુમાં જણાવ્યું કે તે તાજેતરમાં જ 'કાંટે 2' અંગે સંજય ગુપ્તા સાથે ચર્ચા કરી રહ્યો હતો. સંજય દત્તે લખ્યું કે તે પોતાના મિત્રનું આ સપનું પૂરું કરવા માટે શક્ય તમામ પ્રયાસ કરશે. તેણે ભાવુક શબ્દોમાં કહ્યું કે સંજય ગુપ્તાની યાદમાં 'કાંટે 2' બનાવશે અને તેમનો પ્રેમ હંમેશાં જીવંત રહેશે. મે 2026માં 'ઈનકન્ટ્રોવર્સિયલ પોડકાસ્ટ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં સંજય ગુપ્તાએ 'કાંટે 2' અંગે પોતાની યોજનાઓનો ખુલાસો કર્યો હતો.

4 વર્ષ પહેલાં પિતાને ગુમાવ્યા, પરંતુ તેમનું સપનું પૂરું કર્યું

મનીષા વુમન્સ વર્લ્ડ રેસલિંગ જીતનારી પ્રથમ ભારતીય

દુબઇ

મનીષા ભાનવાલા વુમન્સ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની ગઈ છે. તેણે શુક્રવારે કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં અમેરિકાની એબિગેલ નેટને 59 કિલોગ્રામ કેટેગરીની ફાઈનલમાં 8-6થી હરાવી હતી.

29 વર્ષની મનીષા મુકાબલાના એક સમયે 1-5થી પાછળ હતી. પરંતુ તેમણે છેલ્લી 3 મિનિટમાં 7 પોઈન્ટ મેળવીને મુકાબલો પોતાના નામે કરી લીધો. આ જીત સાથે મનીષાએ પોતાના પિતા સુરેશનું સપનું પૂરું કર્યું. તેમના પિતા ઈચ્છતા હતા કે તેમની દીકરી એક દિવસ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયન બને. 17 એપ્રિલ 2022ના રોજ હાર્ટ એટેકને કારણે તેમનું નિધન થયું હતું. મહિલા કુસ્તીની પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશિપ 1987માં યોજાઈ હતી. 2021માં અંશુ મલિકે પ્રથમ વખત કોઈ ભારતીય મહિલા પહેલવાન તરીકે વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલ રમી હતી. તેમણે સિલ્વર મેડલ જીત્યો હતો. આ વખતે પણ ભારતને એકસાથે બે ગોલ્ડ મેડલ જીતવાની તક મળી હતી. 50 કિલોગ્રામ વર્ગમાં નીલમ સિહાગ અને 76 કિલોગ્રામ વર્ગમાં કાજલ ઢોચક ફાઈનલ સુધી પહોંચી હતી, પરંતુ બંનેએ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. આ પહેલાં સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતનારા એકમાત્ર પહેલવાન સુશીલ કુમાર હતા. તેમણે 2010માં આ સિદ્ધિ મેળવી હતી. મનીષાના કુસ્તીમાં આવવાની શરૂઆત તેમના પિતા સુરેશના કારણે થઈ હતી. 2013માં તેમણે દીકરીને ફિટનેસ સુધારવા માટે કુસ્તીના ટ્રેનિંગ કેમ્પમાં મોકલી હતી. ધીમે-ધીમે કુસ્તી મનીષા માટે ફિટનેસથી આગળ વધીને કારકિર્દી બની ગઈ. આ સફરમાં રોહતકનું છોટૂરામ અખાડું અને કોચ મંદીપ સિંહ મહત્વપૂર્ણ રહ્યા.

મેદવેદેવ વિયેના ઓપન ટેનિસની સેમિફાઇનલમાં

સિડની

રશિયન ટેનિસ સ્ટાર ડેનિલ મેદવેદેવે વિયેના ઓપન ટેનિસ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. તેણે શુક્રવારે રાત્રે ફ્રાન્સના એડ્રિયન મન્નારિનોને 6-2, 6-3થી હરાવ્યો.

હવે સેમિફાઈનલમાં મેદવેદેવનો સામનો સ્પેનના કાર્લોસ અલ્કારેઝ સામે થશે. અલ્કારેઝે ક્વાર્ટર ફાઈનલમાં અમેરિકાના ટોમી પૉલને 6-4, 7-6 (7-2)થી હરાવીને ટૉપ-4માં સ્થાન મેળવ્યું.

30 વર્ષના મેદવેદેવે આ જીત સાથે સીઝનની છેલ્લી ટુર્નામેન્ટ ATP ફાઈનલ્સ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે. આ ટુર્નામેન્ટ 15થી 22 નવેમ્બર સુધી ઈટાલીના ટ્યુરિનમાં રમાશે. મેદવેદેવે દુનિયાના 73મા ક્રમાંકના ખેલાડી મન્નારિનો સામે શરૂઆતથી જ વર્ચસ્વ જાળવી રાખ્યું. તેણે પહેલો સેટ 6-2 અને બીજો સેટ 6-3થી જીતીને મુકાબલો પોતાના નામે કર્યો. રશિયન ખેલાડીએ મન્નારિનોની સર્વિસ પર બીજા મેચ પોઈન્ટ પર જીત નોંધાવી.

સપ્ટેમ્બરમાં US ઓપન બાદથી મેદવેદેવ સારા ફોર્મમાં છે. તેણે હાંગઝોઉ અને અલ્માટીમાં ATP ટાઈટલ જીત્યા. તે શાંઘાઈ માસ્ટર્સ અને બીજિંગ ATP 500 ટુર્નામેન્ટની સેમિફાઈનલ સુધી પણ પહોંચ્યો હતો. હવે વિયેનામાં ટાઈટલ જીતવા માટે તેણે વધુ બે મુકાબલા જીતવા પડશે.

મેદવેદેવની સેમિફાઈનલ સ્પેનના કાર્લોસ અલ્કારેઝ સામે થશે.

સેમિફાઇનલમાં બન્ને ટીમનું શાનદાર પરફોર્મન્સ

કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ભારતની મેન્સ અને વુમન્સની ટીમ ફાઇનલમાં

ચેન્નઈ

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026માં ભારતીય પુરુષ અને મહિલા ટીમે શાનદાર પ્રદર્શન કરીને ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કર્યું છે.

શુક્રવારે, 30 ઓક્ટોબરે રમાયેલી સેમિફાઈનલમાં ભારતની બંને ટીમે પોતાના પ્રતિસ્પર્ધીઓને એકતરફી મુકાબલામાં હરાવીને ટાઈટલ જીતવા તરફ મજબૂત કદમ માંડ્યા છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ઉપસ્થિત રહીને મેચ નિહાળી હતી. ડેપ્યુટી CM હર્ષ સંઘવીએ પણ મેચ નિહાળી હતી. પુરુષોની સેમિફાઈનલમાં ભારતે શરૂઆતથી જ બાંગ્લાદેશ સામે દબદબો

જાળવી રાખ્યો હતો. ભારતીય ખેલાડીઓએ રેઈડ અને ડિફેન્સ બંને વિભાગમાં શાનદાર રમત દર્શાવી હતી. પ્રથમ હાફમાં બાંગ્લાદેશના ડિફેન્સને એક પણ ટેકલ પોઈન્ટ મળ્યો નહોતો. ભારતે રેઈડ પોઈન્ટ્સમાં 37-23 અને ટેકલ પોઈન્ટ્સમાં 12-4ની સરસાઈ મેળવી હતી. ભારતીય ટીમે સમગ્ર મેચ દરમિયાન ત્રણ વખત બાંગ્લાદેશને ઓલઆઉટ કરીને 56-27થી ભવ્ય વિજય મેળવ્યો હતો. ભારત તરફથી ભરત હુડાએ 13 અને શિવમ પટારેએ 11 પોઈન્ટ મેળવી જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. બાંગ્લાદેશ તરફથી દીપાયન ગોલ્ડરે 11 અને મો. મિઝાનુર રહેમાને 8 પોઈન્ટ મેળવ્યા હતા. આ સાથે ભારતે ટુર્નામેન્ટમાં સતત સાતમી જીત નોંધાવીને અજેય રહી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારતીય મહિલા ટીમે પણ સેમિફાઈનલમાં શ્રીલંકા સામે શાનદાર પ્રદર્શન કરીને 39-14થી શાનદાર વિજય મેળવ્યો હતો.

ફાસ્ટ બોલર આકીબ નબી પ્રસિદ્ધ ક્રિષ્ના સ્થાને ટીમમાં સિલેક્ટ

ન્યૂઝીલેન્ડ સામેની છેલ્લી 2 વન-ડે માટે પસંદ કર્યો હતો, હવે આખી સિરીઝ રમશે

મુંબઈ

જમ્મુ-કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબીને ન્યૂઝીલેન્ડ સામેની શરૂઆતની 3 વન-ડે મેચ માટે પણ ભારતીય ટીમમાં પસંદ કર્યો છે. BCCIએ શનિવારે જણાવ્યું કે આકિબને અગાઉ માત્ર ચોથી અને પાંચમી મેચ માટેની વન-ડે ટીમમાં સામેલ કર્યો હતો, પરંતુ હવે તેઓ સિરીઝની શરૂઆતથી જ ભારતીય ટીમનો હિસ્સો રહેશે. એક દિવસ પહેલાં, 30 ઓક્ટોબરે પ્રસિદ્ધ ક્રિષ્ના વન-ડે સિરીઝમાંથી બહાર થયો હતો. પ્રસિદ્ધ હેમસ્ટ્રિંગમાંથી સાજો થઈ રહ્યો છે. તે 30 સપ્ટેમ્બરે વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી વન-ડે દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. નબીને ક્રિષ્નાના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યો છે. જોકે, બોર્ડે એવું લખ્યું નથી કે નબીને ક્રિષ્નાના સ્થાને ટીમમાં સામેલ કર્યો છે. આકિબ નબીએ એક મહિના પહેલાં 30 સપ્ટેમ્બરે વેસ્ટ ઈન્ડીઝ સામે ગુવાહાટીમાં વન-ડેમાં ડેબ્યૂ કર્યું હતું. જોકે, તે મેચમાં તેને એકપણ વિકેટ મળી નહોતી.

નબી ભારતીય ટેસ્ટ ટીમમાં પસંદગી પામનારા જમ્મુ-કાશ્મીરનો પ્રથમ ક્રિકેટર છે. જોકે, અહીંના પરવેઝ રસૂલ અને ઉમરાન મલિકની પણ ભારતીય ટીમમાં પસંદગી થઈ ચૂકી છે, પરંતુ તેમને માત્ર વન-ડે અને T20 ટીમમાં જ તક મળી છે. 4 નવેમ્બરથી વન-ડે સિરીઝ રમાશે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે 5 મેચની વન-ડે સિરીઝ 4

નવેમ્બરથી રમાશે. પ્રથમ મુકાબલો ઓકલેન્ડમાં રમાશે.

હાલમાં, ટીમ ઈન્ડિયા 5 મેચની T20 સિરીઝમાં 3-1થી આગળ ચાલી રહી છે. તેને ચોથી T20 મેચમાં 87 રનની કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), અક્ષર પટેલ, નમન ધીર, અંશુલ કંબોજ, ગુરનૂર બરાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, ઈશાન કિશન (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ, નીતિશ કુમાર રેડ્ડી (માત્ર પ્રથમ વન-ડે), આકિબ નબી.

ઓઇલ-ટુ-કેમિકલ બિઝનેસનો નફો 44% વધ્યો

રિલાયન્સનો નફો 34% વધીને ₹29,550 કરોડ થયો: બીજા ત્રિમાસિક ગાળામાં રેવન્યુ 28% વધી

મુંબઈ

મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આ વર્ષની બીજી ત્રિમાસિકમાં કમાણીનો નવો રેકોર્ડ બનાવ્યો છે. કંપનીની ઓપરેશન્સમાંથી આવક ગયા વર્ષની સરખામણીએ 28% વધીને 3.62 લાખ કરોડ પર પહોંચી ગઈ છે. એક વર્ષ અગાઉની સમાન ત્રિમાસિક એટલે કે જુલાઈ-સપ્ટેમ્બર 2026માં આ આવક 2.83 લાખ કરોડ રહી હતી.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો 2026-27ની બીજી ત્રિમાસિકમાં નફો વાર્ષિક ધોરણે 34% વધીને

29,550 કરોડ રહ્યો. એક વર્ષ અગાઉની સમાન ત્રિમાસિકમાં નફો 22,092 કરોડ હતો.

રિલાયન્સની કુલ કમાણીમાં થયેલો આ વધારો મુખ્યત્વે તેના ઓઈલ-ટુ-કેમિકલ્સ (O2C) બિઝનેસના શાનદાર પ્રદર્શનને કારણે થયો, જેને મોંઘા પેટ્રોલ-ડીઝલનો લાભ મળ્યો.

પરિણામો પહેલાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર 0.2% ઘટીને 1,164ના સ્તરે બંધ થયો. છેલ્લા 5 દિવસમાં કંપનીનો શેર 2% ઘટ્યો છે. એક મહિનામાં 3% અને 6 મહિનામાં 19% ઘટ્યો છે. આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 26% ઘટ્યો છે. જ્યારે કંપનીના શેરમાં એક વર્ષમાં 22%નો ઘટાડો નોંધાયો છે. રિલાયન્સનું માર્કેટ કેપ 15.74 લાખ કરોડ રૂપિયા છે. ત્રિમાસિક ધોરણે પણ કંપનીનો નફો 27% વધ્યો છે. પાછલી ત્રિમાસિક એટલે કે નાણાકીય વર્ષ 2026-27ની પ્રથમ ત્રિમાસિકમાં કંપનીને 23,196 કરોડ રૂપિયાનો નફો થયો હતો. જ્યારે ત્રિમાસિક ધોરણે કંપનીની આવક 6.5% વધી છે. પાછલી ત્રિમાસિકમાં આવક 3.40 લાખ કરોડ રૂપિયા હતી.

ઇઝરાયલના પ્લાન્ટમાં વિસ્ફોટ અને PC માર્કેટમાં મંદી કારણ બન્યા

ઇન્ટેલના શેરમાં એક જ દિવસમાં 29%નો ઘટાડો

CEO લિપ-બૂ ટેને તેને 'દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ અકસ્માત' ગણાવતા કહ્યું કે વિસ્ફોટ બાદ પ્લાન્ટમાં કામ લાંબા સમય માટે બંધ કરવું પડ્યું, જેના કારણે ઇન્ટેલની 10-નેનોમીટર ચિપ્સનો સપ્લાય પ્રભાવિત થયો છે

મુંબઈ

વૈશ્વિક ચિપમેકર કંપની ઈન્ટેલના શેરમાં શુક્રવારે 29%નો ઘટાડો નોંધાયો. 1970ના દાયકાથી કંપની માટે એક જ દિવસમાં આ સૌથી મોટો ઘટાડો છે. કંપનીનો શેર 66 ડૉલર પર આવી ગયો છે. ચાલુ ત્રિમાસિક ગાળા એટલે કે Q4ના નબળા પરિણામોની આશંકાને કારણે રોકાણકારોએ ઈન્ટેલના શેરમાં ભારે વેચવાલી કરી છે.

કંપનીએ આ ઘટાડા પાછળ ઈઝરાયલમાં આવેલા તેના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં બનેલી દુર્ઘટનાને કારણે ઉત્પાદન ઠપ થવું અને પર્સનલ કમ્પ્યુટર એટલે કે PC માર્કેટમાં ચાલી રહેલી મંદીને મુખ્ય કારણો ગણાવ્યાં છે. ટ્રમ્પ સરકાર અને એનવિડિયાને અબજો ડૉલરનું નુકસાન ઈન્ટેલના શેરોમાં આવેલા આ ઘટાડાથી અમેરિકન સરકાર અને ચિપ કંપની એનવિડિયાને મોટું નુકસાન થયું છે. ટ્રમ્પ પ્રશાસને એક વર્ષથી વધુ સમય પહેલાં ઈન્ટેલમાં 10% હિસ્સો લીધો હતો. શુક્રવારે થયેલા ઘટાડાને કારણે સરકારી હોલ્ડિંગ્સની કિંમતમાં લગભગ $12 બિલિયન એટલે કે આશરે 1 લાખ કરોડનો ઘટાડો થયો છે, જોકે સરકારનું આ રોકાણ હજુ પણ નફામાં છે. બીજી તરફ, ઈન્ટેલમાં મોટો હિસ્સો ધરાવતી એનવિડિયાને પણ પોતાની હોલ્ડિંગમાં આશરે $6 બિલિયનનું નુકસાન સહન કરવું પડ્યું છે. ઈન્ટેલના નબળા પરિણામો અને માર્ગદર્શન પાછળ ઈઝરાયલ સ્થિત તેની ફેબ્રિકેશન યુનિટ (ફેબ)માં થયેલો અકસ્માત એક મુખ્ય કારણ છે. આ મહિનાની શરૂઆતમાં ઈઝરાયલ પ્લાન્ટમાં થયેલા એક વિસ્ફોટમાં બે કર્મચારીઓનાં મોત થયાં હતાં અને એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

CEO લિપ-બૂ ટેને તેને 'દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ અકસ્માત' ગણાવતા કહ્યું કે વિસ્ફોટ બાદ પ્લાન્ટમાં કામ લાંબા સમય માટે બંધ કરવું પડ્યું, જેના કારણે ઈન્ટેલની 10-નેનોમીટર ચિપ્સનો સપ્લાય પ્રભાવિત થયો છે. કંપનીના ચીફ ફાઈનાન્શિયલ ઑફિસર (CFO) ડેવિડ ઝિન્સનરના જણાવ્યા મુજબ, આ અકસ્માતને કારણે કંપનીને બે ત્રિમાસિક ગાળામાં લગભગ $600 મિલિયન (લગભગ 5,000 કરોડ)ની આવકનું નુકસાન થશે.

ઇંધણના વધતા ભાવોથી કંપનીની હાલત કથળી

અલાસ્કા એર ગ્રુપમાં 200 કર્મચારીઓની છટણી: આ વર્ષે 700 મિલિયન ડૉલરના નુકસાનની શક્યતા

મુંબઈ

અલાસ્કા એર ગ્રુપે ઘટતા નફા અને વધતા ખર્ચ વચ્ચે નોન-કોન્ટ્રાક્ટ સ્તરના લગભગ 200 કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) બેન મિનિકુચીએ જણાવ્યું કે જો આવી જ પરિસ્થિતિઓ ચાલુ રહેશે, તો એરલાઈનને આ વર્ષે 700 મિલિયન ડોલર સુધીનું નુકસાન થઈ શકે છે.

CEO બેન મિનિકુચીએ કર્મચારીઓને મોકલેલા એક મેમોમાં જણાવ્યું કે જો વર્તમાન નાણાકીય સંકટ ચાલુ રહેશે, તો મહામારીના સમયગાળાને બાદ કરતાં વર્ષ 2003 પછી આ કંપનીનું પ્રથમ એડજસ્ટેડ

પ્રી-ટેક્સ નુકસાન હશે. એવિએશન સેક્ટરમાં ઈંધણના વધતા ભાવો અને વિશ્વભરના તણાવ વચ્ચેના પડકારો કંપનીના નાણાકીય બેલેન્સને સીધી અસર કરી રહ્યા છે. કંપનીના પ્રવક્તા મુજબ, આ છટણીથી કુલ 32,500 કર્મચારીઓમાંથી 1%થી પણ ઓછા કર્મચારીઓ અસર થશે. દૂર કરવામાં આવનારા પદોમાં વોશિંગ્ટન રાજ્યના 125 અને હવાઈના 48 પદોનો સમાવેશ થાય છે.

એરલાઈને સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ ફ્રન્ટલાઈન અથવા નોન-મેનેજમેન્ટ કર્મચારીની નોકરી જશે નહીં. પ્રભાવિત કર્મચારીઓ માટે 13 નવેમ્બર છેલ્લો કાર્યકારી દિવસ રહેશે. જોકે, કંપની તેમને 31 ડિસેમ્બર સુધી નિયમિત પગાર આપતી રહેશે. આ ઉપરાંત, પ્રભાવિત સ્ટાફને સર્વરન્સ પે અને અન્ય નાણાકીય તેમજ કારકિર્દી સંબંધિત સહાય પણ આપવામાં આવશે.

ChatGPT પર હવે હથિયારોની માહિતી નહીં મળે

- **ઓપનએઆઇ લાવી રહી છે સેફ્ટી ફીચર્સ, હિંસક ચેટ પણ કરી શકાશે નહીં, પેરેન્ટ્સને મળશે એલર્ટ**

મુંબઈ

હવે ChatGPT પાસેથી હથિયારો અને સુરક્ષા પ્રણાલીઓ સાથે જોડાયેલી માહિતી નહીં મળે. કંપનીએ શુક્રવારે જાહેરાત કરી કે તે કિશોરો માટે હથિયારો અને સુરક્ષા પ્રણાલીઓ સાથે જોડાયેલી વ્યવહારુ માહિતી પર કડક પ્રતિબંધ મૂકશે. આ નિયમ ત્યારે પણ લાગુ પડશે જ્યારે ઉપયોગકર્તાનો પ્રશ્ન દેખાવમાં સામાન્ય અથવા કોઈ હિંસક ઈરાદા વિનાનો હોય. દુનિયામાં હિંસા રોકવાના ઉદ્દેશથી કંપની આ નવા સુરક્ષા પગલાં અમલમાં મૂકી રહી છે. હિંસક ચેટ આપમેળે બંધ થશે, વારંવાર ઉલ્લંઘન પર એકાઉન્ટ બંધ ઓપનએઆઈના નવા સુરક્ષા નિયમો તમામ ઉપયોગકર્તાઓ પર લાગુ થશે. જો કોઈ ઉપયોગકર્તા વાતચીત દરમિયાન સતત હિંસા અથવા કોઈને નુકસાન પહોંચાડવા જેવી બાબતો પર કેન્દ્રિત રહે છે, તો ChatGPT તે ચેટ સેશનને આપમેળે બંધ કરી દેશે. કંપનીએ એ પણ જણાવ્યું છે કે જો કોઈ ઉપયોગકર્તા વારંવાર આ પ્રકારની હિંસક વાતોનું પુનરાવર્તન કરે છે, તો તેનું એકાઉન્ટ અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવશે. ઓપનએઆઈએ ભૂતકાળમાં થયેલા નરસંહારોની માહિતી આપવા સંબંધિત નિયમોને પણ કડક બનાવ્યા છે. તમામ યુઝર્સ માટે જૂના સામૂહિક હુમલાઓની વિસ્તૃત માહિતી સુધીની પહોંચ મર્યાદિત કરી દેવામાં આવી છે.

રણદીપ સૂરજેવાલાની પ્રચંડ ઉપસ્થિતિમાં દેશની એકતા અને અખંડતાનો સંકલ્પ

પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે સરદાર પટેલ અને ઈન્દિરા ગાંધીની સંયુક્ત સ્મૃતિમાં ભવ્ય વ્યાખ્યાન

સંવિધાન અને સામાજિક સદ્ભાવની રક્ષાનો સંકલ્પ : વર્તમાન રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરતા રણદીપ સૂરજેવાલાએ ઉપસ્થિત કોંગ્રેસના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને ટકોર કરી હતી કે આજના સમયમાં આ બંને મહાન નેતાઓના વિચારો અને આદર્શોને માત્ર યાદ કરવા પૂરતા સીમિત ન રાખતા, પરંતુ તેને આપણા જીવનમાં અને રાજકીય વિચારધારામાં સંપૂર્ણપણે આત્મસાત કરવાની સૌથી વધુ આવશ્યકતા છે. દેશની ગંગા-જમુની સંસ્કૃતિ, ભાઈચારો, સામાજિક સદ્ભાવ અને ભારતીય સંવિધાનની રક્ષા કરવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવું એ જ સાચા અર્થમાં આ મહાન નેતાઓને સાચી શ્રદ્ધાંજલિ ઠરશે.

અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના મુખ્ય કાર્યાલય એવા અમદાવાદના પાલડી સ્થિત 'રાજીવ ગાંધી ભવન' ખાતે ભારતના 'લોહ પુરુષ' અને દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી તેમજ દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીજીની પુણ્યતિથિના પાવન અવસરે એક અત્યંત પ્રભાવશાળી અને વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સ્તરના અને રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રીય મહાસચિવ રણદીપ સૂરજેવાલા વિશેષરૂપે ઉપસ્થિત રહીને ઉપસ્થિત હજારો કાર્યકર્તાઓમાં ઉત્સાહ અને જોશ ભર્યો હતો.

મહાન વિભૂતિઓને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ

કાર્યક્રમના આરંભે કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ રણદીપ સૂરજેવાલા સહિત ગુજરાત પ્રદેશના શીર્ષસ્થ નેતાઓ અને અગ્રણીઓએ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ અને દેશ માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર લોખંડી મહિલા સ્વ. ઈન્દિરા ગાંધીજીની તસવીર કે પ્રતિમા સમક્ષ પુષ્પગુચ્છ અર્પણ કરી અને દીપ પ્રાગટ્ય કરીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રાજીવ ગાંધી ભવન ખાતે આ પ્રસંગે આખો માહોલ દેશભક્તિ અને બંને મહાન નેતાઓના વિચારોથી ગુંજી ઉઠ્યો હતો.

રણદીપ સૂરજેવાલાનું ઓજસ્વી વક્તવ્ય: રાષ્ટ્રના ઘડતરમાં અતુલ્ય યોગદાન : આ વિશેષ વ્યાખ્યાન સત્રને સંબોધતા રાષ્ટ્રીય નેતા રણદીપ સૂરજેવાલાએ બંને મહાન નેતાઓના જીવન અને કાર્યો પર ઊંડો પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ અને કુનેહથી સેંકડો રિયાસતોનું અખંડ ભારતમાં વિલીનીકરણ કરીને જે અદ્ભુત ઈતિહાસ રચ્યો હતો, તેના કારણે જ આજે આપણે અખંડ ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ.

બીજી બાજુ, દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીજીના બલિદાનને યાદ કરતા સૂરજેવાલાએ કહ્યું હતું કે, ઈન્દિરાજીએ આ દેશની અખંડતા, સાર્વભૌમત્વ અને સુરક્ષા માટે પોતાના જીવનનું સર્વોચ્ચ બલિદાન આપી દીધું હતું. દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા મજબૂત કરવામાં તેમનો ફાળો ક્યારેય ભૂલી શકાય તેમ નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, દેશની એકતા, અખંડતા, મજબૂત લોકશાહી મૂલ્યો અને સાચા અર્થમાં રાષ્ટ્ર-નિર્માણ માટે સરદાર પટેલ અને ઈન્દિરા ગાંધીએ જે દીર્ઘદ્રષ્ટિ દાખવી હતી, તે હંમેશાં દેશવાસીઓ અને આવનારી પેઢીઓ માટે એક દીવાદાંડી સમાન બની રહેશે.

આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી આવેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના અગ્રણીઓ, યુવા નેતાઓ અને મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ અગ્રણીઓએ એકસૂરે રાષ્ટ્રના હિતમાં લોકશાહી મૂલ્યોની રક્ષા માટે એક થઈને આગળ વધવાનો અને જનતાના પ્રશ્નો માટે લડત આપવાનો મજબૂત સંકલ્પ લીધો હતો.

દિવાળી અને નૂતન વર્ષના તહેવારો ટાંકણે અમદાવાદ પોલીસની મોટી પહેલ

સોના-ચાંદીના વેપારીઓની સુરક્ષા માટે સ્પેશિયલ એક્શન પ્લાન જાહેર!

અમદાવાદ

દીપોત્સવના પર્વો, ધનતેરસ અને નૂતન વર્ષના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે અમદાવાદ શહેરમાં સોના-ચાંદીના વેપારીઓ, જ્વેલર્સ અને આંગડિયા પેઢીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય પગલું ભરવામાં આવ્યું છે. તહેવારો દરમિયાન ધન-સંપત્તિની લેવડદેવડ અને ખરીદી વધતી હોવાથી લૂંટ, ચોરી કે અસામાજિક તત્વોની સક્રિયતા અટકાવવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની આગેવાનીમાં શહેરના અગ્રણી વેપારીઓ સાથે એક વિશેષ સુરક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકનો સૌથી મોટો અને રાહતરૂપ મુખ્ય મુદ્દો એ છે કે તહેવારોની મોસમમાં જ્યારે જ્વેલર્સ કે વેપારીઓ દ્વારા મોટા પ્રમાણમાં સોના-ચાંદી અને કિંમતી આભૂષણોની હેરફેર (ટ્રાન્સપોર્ટેશન) કરવામાં આવે છે, ત્યારે તેઓ પોલીસની મદદ મેળવી શકશે.

ખાસ વાત એ છે કે સુરક્ષા સહાય પૂરી પાડવા માટે અમદાવાદ પોલીસ દ્વારા કોઈપણ પ્રકારનો ચાર્જ (ફી) લેવામાં આવશે નહીં. વેપારીઓ કોઈપણ જોખમ વગર સુરક્ષિત રીતે પોતાની કિંમતી જણસીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડી શકે તે માટે પોલીસ વિભાગ દ્વારા પુરતો બંદસ્ત પૂરો પાડવામાં આવશે.

પોલીસ કમિશનરે સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે તમામ જ્વેલર્સ એસોસિએશન અને આંગડિયા પેઢીઓને કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓ આપી છે:

સીસીટીવી કેમેરા (CCTV): દરેક દુકાન, શો-રૂમ અને આંગડિયા પેઢીની બહાર અને અંદર હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવવા, જેનો કેમેરો રોડ તરફ પણ કવર થતો હોય. બજાર અને ધમધમતા વેપારી વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવશે, સાથે જ ખાનગી સુરક્ષા રક્ષકો (ગાર્ડ્સ) ને પણ સતર્ક રહેવા તાકીદ કરાઈ છે.

ઓલિમ્પિકની મોટી વાતો વચ્ચે શરમજનક વાસ્તવિકતા

સ્માર્ટસિટીના 14 વોર્ડમાં પીવાના પાણી માટે ટેન્કર રાજ!

અમદાવાદ

ગુજરાતનું આર્થિક પાટનગર અને દેશના અગ્રેસર મહાનગરોમાં ગણાતું અમદાવાદ આજે એક એવા ગંભીર વળાંક પર ઊભું છે, જે વિકાસના દાવાઓની પોલ ખોલી નાખે છે. એક તરફ રાજ્ય સરકાર અને સત્તાધીશો દ્વારા વર્ષ ૨૦30ની 'કોમનવેલ્થ ગેમ્સ'ના આયોજન અને ભવિષ્યમાં 'ઓલિમ્પિક'ની યજમાની મેળવવાની ભવ્ય તૈયારીઓ તથા દુબઈ જેવા ગ્લોબલ સિટીઝની હરોળમાં અમદાવાદને મૂકવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરંતુ, આ ચમક-દમક પાછળનું કડવું અને શરમજનક સત્ય એ છે કે આ 'સ્માર્ટસિટી'ના ૧૪ જેટલા વોર્ડમાં આજે પણ નાગરિકોને પીવાના પાણી માટે ટેન્કરના સહારે રહેવું પડે છે! સામાન્ય રીતે ઉનાળાની ઋતુમાં પાણીની તંગી સર્જાતી હોય છે, પરંતુ અમદાવાદમાં તો હવે શિયાળાની શરૂઆતથી જ પાણીની સંભવિત કટોકટીએ ચર્ચાના ચકડોળે ચડીને ગંભીર રૂપ ધારણ કરી લીધું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઈજનેર વિભાગ અને બેઠેલા શાસકો શહેરની આ ગંભીર અને ભયજનક સ્થિતિને છુપાવવા માટે 'બધું સબ સલામત છે' તેવા પોપટીયા રટણ કરી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા અને જમીની હકીકત

કંઈક સાવ અલગ જ અને ડરામણી તસવીર રજૂ કરી રહી છે. મળતી માહિતી મુજબ, શહેરના ચાર અલગ-અલગ ઝોનમાં પીવાના પાણીની વિકટ સમસ્યાને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા અંદાજે ૧.૭૧ કરોડના તોતિંગ ખર્ચે ટેન્કરના ૩૫,૦૦૦થી પણ વધુ ફેરા દોડાવવાની આયોજનબદ્ધ તૈયારીઓ ચાલી રહી છે. સવાલ એ થાય છે કે જો શહેર ખરેખર સ્માર્ટ અને વિકસિત હોય, તો મિલિયન નાગરિકોની વસ્તી ધરાવતા આ મહાનગરમાં કરોડો રૂપિયા ખર્ચીને પાણીના ટેન્કર દોડાવવા પડે તે વિકાસનું આખરે કેવું મોડલ છે?

અમદાવાદમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે

પોલીસ વિભાગ દ્વારા ભવ્ય 'રન ફોર યુનિટી'નું આયોજન

અમદાવાદ

ભારત દેશની એકતા અને અખંડિતતાના સાચા શિલ્પી તથા 'લોખંડી પુરુષ' તરીકે દેશ-વિદેશમાં પૂજનીય એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે સમગ્ર રાજ્યભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ રાષ્ટ્રીય પર્વને અનોખી રીતે ઉજવવાના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસ દ્વારા 'રન ફોર યુનિટી' (Run for Unity)નું અત્યંત ભવ્ય અને ઉત્સાહવર્ધક આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અને પ્રજા વચ્ચેના સેતુને મજબૂત કરતી આ એકતા દોડે શહેરમાં દેશભક્તિની એક અલગ જ રોનક લાવી દીધી હતી. આ વિશેષ અને ગૌરવવંતા પ્રસંગે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત સાહેબ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સ્વહસ્તે લીલી ઝંડી બતાવીને 'રન ફોર યુનિટી' દોડને ભવ્ય પ્રસ્થાન કરાવ્યું હતું. આ આયોજનમાં પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ્સ તેમજ મોટી સંખ્યામાં ઉત્સાહી નગરજનો અને

યુવાનો જોડાયા હતા.

કમિશનરની ઉપસ્થિતિએ ઉપસ્થિત તમામ સહભાગીઓનો જુસ્સો અને ઉત્સાહ બેવડો કરી દીધો હતો. અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત આ 'રન ફોર યુનિટી' એ માત્ર કોઈ સામાન્ય ખેલકૂદ કે શારીરિક કસરતની પ્રવૃત્તિ નથી, પરંતુ તે આપણા મહાન રાષ્ટ્રની એકતા, અખંડિતતા, પરસ્પર ભાઈચારો અને દેશ પ્રત્યેના અનન્ય સમર્પણભાવનો બુલંદ સંદેશ છે.

આ દોડના માધ્યમથી પોલીસ પ્રશાસને નાગરિકોમાં કાયદો અને વ્યવસ્થાની સાથે-સાથે રાષ્ટ્રભક્તિની ભાવનાને પણ ઉજાગર કરી છે.

અમદાવાદમાં 'યમદૂત' બનેલી AMTS બસનો આતંક

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં સામાન્ય જનતાની મુસાફરીને સુગમ બનાવવા માટે દોડતી મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે કે AMTS બસો હવે રોડ પર 'યમદૂત' સાબિત થઈ રહી છે. અમદાવાદના નારણપુરા વિસ્તારમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને રુવાંડા ઊભા કરી દેતી દુર્ઘટના સામે આવી છે. નારણપુરાના વ્યસ્ત સહજાનંદ ચોક પાસે બેફામ અને પૂરઝડપે દોડતી એક AMTS બસના ચાલકે બાઈક સવારને અડફેટે લીધો હતો અને બાઈક ચાલક સીધો બસના પાછળના તોતિંગ ટાયર નીચે કચડાઈ ગયો હતો! આ ભયાનક અકસ્માતે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નારણપુરાના જાણીતા સહજાનંદ ચોક ખાતેથી રોજની જેમ વાહનોની અવરજવર ચાલુ હતી. તે દરમિયાન પૂરઝડપે અને બેફામ રીતે હંકારી લાવવામાં આવેલી AMTS બસે માર્ગ પર જઈ રહેલા એક બાઈક ચાલકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ચાલક સંતુલન ગુમાવી બેઠો હતો.

ખમાસા ચાર રસ્તે ફરજ દરમિયાન

ટ્રાફિક કોન્સ્ટેબલ અને TRB જવાન વચ્ચે ખૂની ખેલ જેવો હિંસક વિવાદ!!

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેના પર છે, તે જ ખાખી વર્દીધારીઓ હવે જાહેરમાં એકબીજા સાથે બાથ ભીડતા થઈ ગયા છે. અમદાવાદના અત્યંત વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા ખમાસા ચાર રસ્તા પરથી એક અત્યંત ચોંકાવનારી, શરમજનક અને હચમચાવી દેતી ઘટના સામે આવી છે. ટ્રાફિક નિયંત્રણ અને પ્રજાની સુરક્ષા માટે તૈનાત કરાયેલા એક ટ્રાફિક કોન્સ્ટેબલ અને ઍક્સ-સરવિસ કે માનદ સેવા આપતા .આર.બી. (TRB) જવાન વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો એટલો બગડ્યો કે જાહેરમાં

ઝપાઝપી અને હુમલા સુધી પહોંચી ગયો! પ્રાપ્ત વિગતો અનુસાર, કાલુપુર સર્કલ બીટમાં ફરજ બજાવતા .આર. બી. જવાન નરેશભાઈ કાલિદાસ અને ટ્રાફિક કોન્સ્ટેબલ પ્રવિણસિંહ પોતાની નિયમિત ફરજ પર ખમાસા ચાર રસ્તા પર હાજર હતા. ડ્યુટી દરમિયાન કોઈ આંતરિક બાબત, કામગીરી કે બોલાચાલીને લઈને બંને વચ્ચે તણાવ ઊભો થયો હતો. વાતચીત એટલી હદે વણસી ગઈ કે TRB જવાન નરેશભાઈએ કાયદાનું ભાન ભૂલીને ફરજ પરના ટ્રાફિક કોન્સ્ટેબલ પ્રવિણસિંહ પર ઉશ્કેરાઈને સીધો હુમલો કરી દીધો હતો. આક્ષેપ છે કે ટીઆરબી જાને ટ્રાફિક કોન્સ્ટેબલ સાથે આડેધડ મારામારી કરી હતી અને તેમની અદબ ભૂલાવીને જાહેરમાં યુનિફોર્મ (વર્દી) પણ ફાડી નાખ્યો હતો! વ્યસ્ત માર્ગ પર ખાખી વર્દીમાં જ આ પ્રકારે જાહેરમાં મારામારી અને ધમાલ થતા હજારો રાહદારીઓ અને વાહનચાલકો તમાશો જોવા માટે એકત્ર થઈ ગયા હતા. ટ્રાફિક સિગ્નલ પર કાયદો વ્યવસ્થા સંભાળતા કર્મચારીઓ જ જ્યારે આ પ્રકારે આપસમાં મારામારી પર ઉતરી આવે અને વર્દીની મર્યાદા લજવે, ત્યારે સામાન્ય પ્રજાની સુરક્ષા ભગવાન ભરોસે જ ગણાય.

સંક્ષીપ્ત સમાચાર

ઓઢવમાં GST અધિકારી બની આંગડિયા પેઢીના કર્મચારીનું અપહરણ કરનાર 3 આરોપીઓ ઝડપાયા

શહેરમાં દિનપ્રતિદિન ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે ત્યારે ઓઢવ વિસ્તારમાં બોગસ જીએસટી અધિકારી બની આંગડિયા પેઢીના કર્મચારીને ટાર્ગેટ કરનાર સંગઠિત લૂંટારૂ ગેંગને ઝોન ૮ એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે. આંગડિયા પેઢીના કર્મચારીનું અપહરણ કરી ૩૪ થી ૩૫ લાખ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવનાર ગુનાના માસ્ટરમાઈન્ડ સહિત તેના સાગરીતોની ધરપકડ કરીને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એન.આર. આંગડિયા પેઢીમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા કેતન પરીખ બેંકમાંથી ૩૪ લાખ રૂપિયાની રોકડ રકમ લઈને ઓઢવ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. તે જ સમયે એક શંકાસ્પદ કાર તેમની પાસે આવીને ઊભી રહી હતી. કારમાં સવાર બે શખ્સોએ પોતાની ઓળખ જીએસટી (GST) અધિકારી તરીકે આપી હતી. અધિકારી હોવાનો રોફ જમાવી કેતન પરીખને ડરાવી-ધમકાવીને બળજબરીપૂર્વક કારમાં બેસાડી તેમનું અપહરણ કર્યું હતું અને રોકડ રકમની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ફરીયાદ નોંધાતા જ ક્રાઈમ બ્રાન્ચ અને ઝોન ૮ એલસીબીની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોના નેટવર્કથી પોલીસે આ આખા ગુનાના માસ્ટરમાઈન્ડ પ્રીતમ ગોહિલની સૌથી પહેલા ધરપકડ કરી હતી.

ખોખરામાં નકલી પોલીસ બની શખસે 3 લોકો પાસેથી પૈસા પડાવ્યા: 47 હજાર પડાવતા ફરિયાદ

અમદાવાદ શહેરના ખોખરામાં રહેતી વેપારી મહિલાને અટવાયેલો માલ છોડાવી આપવાની તેમજ શેડ ભાડે અપાવવાની લાલચ આપી નકલી પોલીસ બની શખસે પૈસા પડાવી લીધા હતા. તેવી જ રીતે શખસ મહિલાના અન્ય બે પડોશીને પણ મકાનના દસ્તાવેજ કરાવી આપવાનું કહી કુલ 47 હજાર પડાવી લીધા હતા. પૈસા પરત માગતાં ફોન પર ધમકીઓથી કંટાળીને મહિલાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ખોખરા કર્ણાવતી રોડ પર પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા સંગીતાબેન પટેલ ઓઢવમાં જેન્ટ્સ શર્ટ જોબવર્કનું કારખાનું ચલાવે છે. તેમણે ખંભાતના ધુરંધર ગામ ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ દરબારને 567 શર્ટ જોબવર્ક માટે આપ્યા હતા. કામ પૂરું ન થતાં માલ પરત માગ્યો ત્યારે ધર્મેન્દ્રભાઈએ 30 હજારનો હિસાબ માગ્યો હતો. જ્યારે ખરેખર કામ 19 હજારનું થયું હતું. માલ અટવાતાં સંગીતાબેને પડોશી અશ્વિનીબેનને વાત કરી હતી. અશ્વિનીબેને તેમનો સંપર્ક અમરાઈવાડી જોગેશ્વરી રોડ પ્રિતમપાર્ક સોસાયટીમાં રહેતા અલ્કેશ રમણભાઈ પરમાર સાથે કરાવ્યો હતો.

₹31 કરોડનો સ્કૂલ બેગ બનાવવાનો ઓર્ડર આપવાની લાલચ આપી ઠગાઈ, વેપારી પાસેથી ₹24 લાખ પડાવ્યા

અમદાવાદ શહેરના પાલડીના વેપારીને આસામની સરકારી સંસ્થામાંથી 31 કરોડની સ્કૂલ બેગનો ઓર્ડર આપવાનું કહીને ત્રણ શખસે 24.16 લાખની ઠગાઈ કરી છે. વેપારીએ કામ મળવાના કારણે આરોપીના કહ્યા મુજબ 39.16 લાખ આપ્યા હતા, પરંતુ કામ ન થતા આરોપીઓએ 15 લાખ પરત આપ્યા હતા. બાકીના 24.16 લાખ પરત માંગતા આરોપીઓએ વેપારીને પૈસા ભૂલી જવાનું કહ્યું હતું, જેથી વેપારીએ ક્રાઈમ બ્રાન્ચના EOWમાં ફરિયાદ નોંધાવી છે.પાલડીમાં રહેતા અમન વસાવડા રાજપથ ક્લબની પાછળ ઓફિસ ચલાવી સરકારી ટેન્ડર મેળવી કામ કરે છે. 2022માં આસામ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગમાં બોટ સપ્લાય કરવાનું કામ મળ્યું હતું, ત્યારે મુકબઈના સુધીર ચૌધરી અને ભોપાલના ગગન સક્સેના સાથે સંપર્ક થયો હતો. બંનેએ રાજ્ય સરકારમાં લાયઝનિંગ કરતા હોવાનું જણાવ્યું હતું. 2023માં સુધીર અને ગગને અમનભાઈને ફોન કરીને હેમંતાકુમાર અધિકારી જે મટક ઓટોનોમસ કાઉન્સિલ નામની સરકારી સંસ્થા ચલાવતા હોવાનું કહીને સંપર્ક કરાવ્યો હતો.

વસ્ત્રાલમાં દુષ્કર્મ કેસના આરોપીને ASIએ ભગાડી દીધો! પોલીસે ASI અને ફરાર આરોપી સામે ગુનો નોંધ્યો

અમદાવાદમાં નરોડા દુષ્કર્મના આરોપી રાધે ઉર્ફે ગોપાલને સારવાર બાદ સાબરમતી જેલને બદલે વસ્ત્રાલ લઈ જઈ ભગાડવામાં મદદ કરનાર સંબંધી ASI રાજેશ દયારામ સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. 29મી ઓક્ટોબરે અસારવા સિવિલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ASI રાજેશ દયારામ એકલા જ આરોપીને રિક્ષામાં લઈ ગયા હતા. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના નરોડા પોલીસ સ્ટેશનના દુષ્કર્મના ગુનામાં જેલવાસ ભોગવી રહેલા કાચા કામના આરોપીને સારવાર બાદ સાબરમતી સેન્ટ્રલ જેલ મોકલવાને બદલે વસ્ત્રાલ તરફ લઈ જઈ ભગાડી દેવામાં મદદ કરનાર સંબંધી ASI અને આરોપી સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. કોર્ટ મુદત દરમિયાન તબિયત લથડતાં અસારવા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા આરોપીને ડિસ્ચાર્જ મળતાં ફરજ પરના ASI તેને પૂરતા જાપ્તા વગર એકલા જ લઈ ગયા હતા. આ મામલે આર્મ્ડ પોલીસ ઈન્સ્પેક્ટરે ફરિયાદ નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI